ગુજરાતનું પાક્ષિક વિચારપત્ર

# નિરીક્ષક

વર્ષ:૨૩
૧૬ જાન્યુઆરી, ૨૦૦૯

અંક : ૫૧૬
પૃ. ૧૬, કિં. રૂ. ૬/-

Reg.under RNI No. GUJGUJ / 11564 permitted to post at Ahd., PSO on F/N 1st & 16th of every month under Postal Reg. No. GUJ-777 issued by SSP A'bad, valid upto 31-12-2011

**અનુક્રમ**


- પ્રવીણ
  દડા
- પ્રકાશ ન. શાહ
  સદ્‌ગત બ્રહ્મકુમાર ભટ્ટ
- ઇસ્માઇલ ગાંધી
  એક સુધારક મુસલમાનનો પત્ર
- જોસેફ મેકવાન
  પ્રેમચંદ, ગોમાત્રિ, રાવિપા
- ઈલા પાઠક
  સંઘર્ષ-કીડાવીરનો, કેન્સર સાથે
- હરનિશ જાની
  ઓબામા-નો ડ્રામા
- ક્ષમા કટારિયા
  'બ્રિટનનો ગુજરાતી ડાયસ્પોરા'
- અંબાલાલ ઉપાધ્યાય
  અફજલ ગુરુને ફાંસી
- ડૉ. યોગેન્દ્ર પારેખ
  કચ્છના ઉચ્ચશિક્ષણમાં અંધારપટ
- **વાચકો લખે છે :**
  ડૉ. બી.ટી. ત્રિવેદી (**અમદાવાદ**), દિનુભાઈ દવે (**અમદાવાદ**), નિઝામખાન મલેક (**મહેસાણા**), વિપુલ કલ્યાણી (**યુ.કે.**), ગૌરાંગ દિવેટીઆ, નિરંજન શાહ, ધનંજય પંડ્યા, સતીશ શાહ (**અમદાવાદ**), કૃષ્ણકાંત એસ. પંડ્યા (**વલ્લભવિદ્યાનગર**)


☞ 'નિરીક્ષક' દર માસની પહેલી તથા સોળમી તારીખે પ્રગટ થાય છે.

**લવાજમના દર :**
વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫૦/-, વાર્ષિક વિદેશમાં રૂા. ૬૦૦/-, લવાજમની રકમ 'નિરીક્ષક પ્રકાશન'ના નામના બેન્ક ડ્રાફ્ટથી અથવા મ.ઓ.થી શાર્દૂલ પ્રેસ, રંભા કોમ્પ્લેક્સ, ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪ને મોકલવામાં આવે તે અપેક્ષિત છે.

**વિદેશમાં :**
બ્રિટન સહિત યુરોપમાં ૯૦ પાઉન્ડ અને કેનેડા-અમેરિકામાં ૧૩૦ ડોલરને હિસાબે આજીવન લવાજમ રોકડા અથવા ચેકથી કે પછી ડ્રાફ્ટથી આ સરનામે મોકલી શકશો : Parivaar Communications, Mr. Vipool Kalyani 'Kutir', 4, Rose Croft Walk, Wembley Middlesex, HA2 2JZ [UK]

**જાહેરખબરના ભાવ :**
કવર પેઈજ ચોથુ રૂા. ૧૫૦૦
કવર પેઈજ બીજું/ત્રીજું રૂા. ૧૨૦૦
આખું પાનું રૂા. ૧૦૦૦ અડધુ પાનું રૂા. ૫૦૦

**આજીવન સભ્યો માટે :**
રૂા. ૧૫૦૦/- નિરીક્ષક ફાઉન્ડેશનના નામના અમદાવાદની બેન્ક ઉપરના ડિમાન્ડ ડ્રાફ્ટથી નીચેના સરનામે મોકલવા. શાર્દૂલ પ્રેસ, રંભા કોમ્પ્લેક્સ, ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪(ફોન: ૨૭૫૪૧૩૦૬)

**સંપાદકીય પત્રવ્યવહાર :**
'પ્રકાશ', નવરંગપુરા, પોસ્ટ ઓફિસ પાછળ, અમદાવાદ-૩૮૦૦૦૯. (ફોન : ૨૬૫૬૨૮૦૬)

**પરામર્શક :**
નિરંજન ભગત
તંત્રી - **પ્રકાશ ન. શાહ**

### ડાયસ્પોરી યુગમથામણ

## નવી દુનિયા ભણી

ડાયસ્પોરા હલચલની વાતે ભર્યા ભર્યા બે દિવસને છેડે સમાપનવચનો વાસ્તે ઊભો થયો છું. ત્યારે મારી પહેલી લાગણી - આપ સૌ સાથે તાદામ્યજોશપૂર્વક - એ છે કે You-i.e. we have arrived. સંભારો પચીસેક વરસ પર દર્શકના પ્રમુખપદે મળેલ હૈદરાબાદ અધિવેશનના એ દિવસો - દર્શકે જ્યારે સાહિત્યપદારથને (અને સાહિત્યચર્યાને) ખંડથી અખંડ ભણીની યાત્રારૂપે ઓળખાવ્યાં હતાં - આપણા આ વિપુલભાઈ ત્યારે વિલાયતથી ડાયસ્પોરાની વાતો કરતા આવી લાગ્યા હતા. એક દોર ચાલ્યો; એ પછી તો, ૧૯૯૭માં વડોદરા અધિવેશનમાં નિરંજન ભગતની વિશેષ ઉપસ્થિતિમાં આપણે એક વિભાગીય બેઠક શું આયોજન કર્યું હતું... અને હવે તળ ભૂમિમાં લાગટ બે દિવસ ડાયસ્પોરાની વાતો! કહ્યું ને We have arrived. દડો એ રીતે હવે ગુજરાતના ખુદના વંડામાં છે.

પણ આ આવવું તે શું વારુ. કોઈક માન્યતા (રેકગ્નિશન) મેળવવાની મથામણ? 'કોડિયાં'ના કવિ, દાંડીકૂચના સૈનિક શ્રીધરાણી, પછી તો અમેરિકા ચાલ્યા ગયા અને કેટલેય વરસે વતન પાછા ફર્યા - 'પુનરપિ' સંગ્રહ લાંબે ગાળે લઈને આવ્યા, પણ ત્યારે એમની લાગણી હતી કે ઉખડેલા નવ આંબા ઉગે... અને હા, ઘરે ઊભેલા આભે પૂગે. ના, વાત આટલી સરળ નથી. તમે બહાર નીકળી ગયા, બહાર રહ્યા અને ઘરે આવો છો ત્યારે ખાલી હાથે તો આવતા નથી. કશીક શ્રી તમારા સંવિતમાં સંચિત થયેલી અવશ્ય હોય છે. તમે જુઓ, કોલંબિયાના પત્રકારત્વના સ્નાતક શ્રીધરાણીએ પુસ્તક પણ કેવું રૂડું કીધું - My India, My America, કે પછી My America, My India, જે હોય તે - પણ ટૂંકમાં બેઉ મલક મારા, ભૈ.

હવે શ્રીધરાણીના દાખલાથી જરીક હટીને. આપણે ક્યાંક ગયા છીએ. માથું મારીને માગ કીધો છે. વતન નથી સાંભરતું એવું તો નથી. કંઈક અંશે હૃદ્‌ગત પણ હશે એ. પણ એક વાત સમજી લો. There is no going back in history. કૃષ્ણે ગમે એટલું રાધારટણ કર્યું હશે, જિંદગીભર, પણ તમે એને મથુરાથી દ્વારકા જતા જુઓ છો- એ વૃંદાવન પાછા નથી ફરતા. માથે મોરપીંછ ધારણ કરી એની સ્મૃતિ ભલે સાચવી લીધી, ચાલ્યા તો આગળ - અને છેક ત્યાં જઈ ઊભા, દ્વારકે, જ્યાં દ્વાર બધાં ખૂલી જતાં હતા. દરિયાવની મીઠી લહર, બીજું શું.

અને આ દરિયો! સાહેબ, ડાયસ્પોરાની વાત કરીએ છીએ ત્યારે મને એ એનઆરઆઈ કહેતાં ઉપેન્દ્ર-બક્ષી-કહ્યા નૉન રિકવાયર્ડ ઇન્ડિયનનું સ્મરણ કરવા દો- જેણે દરિયે બેઠા 'હિંદ સ્વરાજ' લખ્યું હતું. ઈતિહાસમાં સર્મન ઑન ધ માઉન્ટ (ગિરિ પ્રવચન) આ પૂર્વે સાંભળ્યું છે, પણ આ તો એમના એક અનુવાદકે કહ્યા મુજબ સાગર સંબોધન (સર્મન ઑન ધ સી) છે. બરાબર સો વરસ થયાં એને.

શું છે આ 'હિંદ સ્વરાજ'? એમાં ૧૯મી સદીની સમીક્ષા છે, અને ૨૧મી સદી સારુ દિશાદર્શન. આ ૧૯મી સદીનાં ગાંધી આગમચ થયેલા બીજાં બે ડાયસ્પોરી મૂલ્યાંકન સંભારું? માર્ક્સે, જર્મનીથી ઈંગ્લેંડ વસી ગયેલ માર્ક્સે, ઔદ્યોગિક ક્રાંતિની છાયામાં ઊભીને ઈતિહાસના ભૌતિક અર્થઘટનનું એક આખું દર્શન રજૂ કર્યું. દેખીતી રીતે એમાં ઓગણીસમી સદીના પૂર્વાર્ધના ઘટનાક્રમનો ખાસો ધક્કો હતો. જોકે એમના યુરોપકેન્દ્રી ચિંતનમાં, ઈતિહાસની એક અવશ્યંભાવી ગતિવિધિની - લગભગ ટેલિયોલોજિકલ સંભાવનામાં યુરોપને મળેલા સાંસ્થાનિક લાભની ગણતરી નહોતી એમ તો નહીં પણ ઓછી હશે એમ પાછળ જોતાં લાગે છે. અશોક મહેતાએ સંભાર્યું છે તેમ એ મુદ્દો આશ્ચર્યકારક રીતે,

માર્ક્સે જ્યાં બેઠા કામ કર્યું હતું તે જ બ્રિટિશ મ્યુઝિયમ લાઈબ્રેરીમાં બેસીને કામ કરતા એક ડાયસ્પોરી હિંદવાસીએ સુપેરે ઉપસાવી આપ્યો હતો. લંડનમાં કોઈક વિસ્તારમાંથી ચૂંટાઈને હાઉસ ઑફ કૉમન્સમાં બેસતા દાદાભાઈ નવરોજીએ કહ્યું કે ભાઈ સાંસ્થાનિક શોષણ થકી ઇંગ્લેંડની સમૃદ્ધિનો આ એક ક્લાસિક કિસ્સો છે - પોવર્ટી ઍન્ડ અનબ્રિટિશ રુલ ઇન ઇન્ડિયા. પછીના દસકામાં, દાદાભાઈ કૉંગ્રેસની અધ્યક્ષીય વ્યાસપીઠ પરથી સીમિત સંદર્ભમાં પણ 'સ્વરાજ'નો પ્રથમ ઉચ્ચાર કરનારા બની રહ્યા હોય તો એમાં અચરજ પામવા જેવું અલબત્ત નથી.

તો, કંઈક પરિવર્તન આવી રહ્યું હતું. ગોમાત્રિ, મોટા માણસ, એમણે 'સરસ્વતીચંદ્ર'માં લખ્યું હતું કે આ કપિલોક કહેતાં ઇંગ્લેંડ પાંચાલી કહેતા ભારતને ધાવે છે (શોષે છે એમ નહીં પણ ધાવે છે), અને કાયદાના શાસન જેવું કાંક પ્રતિપોષણ વળતું કરતું રહે છે. ભૈ, અપેક્ષા ને આદર હશે એટલે સ્તો દાદાભાઈએ પણ એને 'અનબ્રિટિશ રુલ' કહ્યું.

વારુ. 'ગૉડ સેવ ધ કિંગ' ગાવાની ક્યારેક ધોરણસર પ્રૅક્ટિસ કરી ચૂકેલો ગાંધી દરિયાવની છાતીએ બેઠો જ્યારે 'હિંદસ્વરાજ' લખી રહ્યો હતો ત્યારે એ ઇંગ્લેંડથી દક્ષિણ આફ્રિકા પરત થઈ રહ્યો હતો. તસલિમા નસરીન પોતાને દ્વિખંડિત કહે છે એ જુદી વાત થઈ, પણ આપણો ઇંગ્લેંડ સ્થિત ડાયસ્પોરા (અને કેટલેક અંશે અમેરિકાસ્થિત પણ) ઠીક ઠીક પ્રમાણમાં બબ્બે નિર્વાસનની ભઠ્ઠીમાં તપેલો છે. પહેલાં એ દેશમાંથી આફ્રિકા ગયો, અને પછી ઈદી અમીનને પાપે આફ્રિકાથી ઇંગ્લેંડ. વસાહતી વસવાટના પ્રારંભિક તબક્કે, બને કે વતનઝૂરાપાની લાગણી એના સર્જનમાં પ્રગટ થવા કરતી હોય. But once you have arrived,એ કિસ્સો, એ દાસ્તાં - અંતે તો - એવી બની રહે છે જેવી કૃષ્ણખ્યાત મોરપીંછ કથા. There is no going back in history. આ કિસ્સો My India, My America તરેહનો છે - કેમકે એમાં જો આરત છે તો અભિસ્થાપન પણ છે. કંઈક longing, કંઈક belonging. પ્રીતિ સેનગુપ્તા હવે સ્રોતસ્વતી હડસનને અને ભાગીરથીને લગભગ એકશ્વાસે સંભારે છે, તો પ્રફુલ અમીન પણ બર્મિંઘમ બેઠે મારું અમદાવાદ, મારું બર્મિંઘમની ભાષામાં બોલતા સંભળાય છે. એટલે વતન માટેનાં ઝુરાપો, ઝંખના, દુઃખ બધાં સરવાળે મીઠાં અનુભવાઈ નવી સૃષ્ટિમાં નખાતાં મૂળિયાંને સીંચનારાં બની રહે છે. કંઈક નવું જ પ્રફુલ્લન, નવું જ વિક્સન, એવો ઘાટ આ તો છે.

જરા હટીને એક વાર્તાદાખલો આપું? ભોળાભાઈ પટેલે ડાયસ્પોરાની પહેલી નવલિકા લેખે હમણાં 'વ્હાઈટ હૉર્સ'નો મહિમા કીધો. સુધીર દલાલની એ વાર્તા 'સંસ્કૃતિ'માં ચારેક દાયકા પર વાંચ્યાનું સ્મરણ છે. પછી તો એ એમના સંગ્રહમાંયે આવી - કદાચ, એમના સંગ્રહનું નામ પણ એ જ છે. બે જિગરી દોસ્તો. એક લંડનમાં રહી પડ્યો છે, ગોરી મેમને પરણીને. સુખી છે. અંગ્રેજ પત્ની ગુજરાતી વાનગીઓની એની દાઝ જાણે છે અને કોઈક ગુજરાતી સંપર્ક થાય તો એથી પતિને મળતા આનંદે રાજી રહે છે. પણ પેલો જૂનો મિત્ર ઘણાં વરસે આવ્યો છે અને મળ્યો છે ત્યારે એની સાથે લાગણીના પૂરમાં વહી જતાં આપણો નાયક કહે છે આ ધોળિયાને શું આવડે, શું ખબર પડે - એને રગરગમાં ખાડિયા ને ખમણપાતરાં ઉભરાતાં હશે કે ગમે તેમ પણ, છૂટા પડવાનું થયા પછી એ શું કરે, સિવાય કે 'વ્હાઈટ હૉર્સ' (પબ)માં બેસી બિયરમાં ખોવાઈ જવાનું.

સુંદર વાર્તા છે એની ના નહીં. પણ ત્યાં રહ્યે રહ્યે જે રીતે નવેસર ભાવપિંડ બંધાતો આવે, એવી ત્યાંની ધરતીમાં રોપાયેલી ગુજરાતી ડાયસ્પોરી વાર્તા કદાચ આ નથી. મને વરસો પર વાંચેલી આનંદરાવ લિંગાયતની એક વારતા સાંભરે છે. વિધવા માતા અને દીકરો રોજ સવારે ફરવા જતાં હોય છે. દીકરો માને સોબત આપી, એનું દુઃખ વીસારે પડે ને એકલતા ન લાગે એની કાળજી લેવા કોશિશ કરે છે. એનું બહારગામ જવું ને વિધવા માને, એક વાનપ્રસ્થ અંગ્રેજ નામે એન્ડીનો પરિચય થવો. સોબતનું એક જુદું જ સુખ, દેશની હવામાં શક્ય નહીં એવો હૂંફિયલ મૈત્રીભાવ, મા પ્રથમવાર અનુભવે છે. એક નવી સભરતાનો અનુભવ છે. એનું માંદું પડવું, આખર પથારીએ હોવું, દીકરાવહુ થકી સૌ સગાવહાલાંને છેલવેલ્લા મોંમેળા સારુ બરકવું. પણ અણીની ક્ષણે માની આંખો હજુ એક જણને શોધે છે, એન્ડીને. છે ને બિલકુલ યુરોપઅમેરિકામાં રોપાયેલી તળ ડાયસ્પોરી વારતા? અને ત્યાં જ ઉગેલી 'ફ્લેમિંગો' કૂળની પન્ના નાયકની ને એવી વારતાઓ. ફરીથી કહું કે 'વ્હાઈટ હૉર્સ' આજેય પુનઃ વાંચવી ગમે, પણ પરિણત ડાયસ્પોરી વાર્તા લેખે આનંદરાવ ને પન્નાબહેનની જે વાર્તાઓ હમણાં મેં સંભારી એ તો ન્યારીનિરાળી જ વિલસી રહે છે.

હમણાં કોઈકે 'ક્મ્બિલ રેવન્સવુડ'ની જિકર કરી. મધુ રાયની - આમ તો એ અહીંથી જ એક સુપ્રતિષ્ઠ સર્જક લેખે ત્યાં ગયા હતા- પણ અમેરિકાને છેડેથી, રાશિવાર કન્યાતલાશમાં ગુજરાતમાં ઊતરી આવતા ગુજ્જુ જણની આ નવલ-કદાચ, આપણા સમયનો, જોકે કંઈક વિસ્તીર્ણ પેરાબલ - એક પરિણત લેખકની કલમે બની આવેલ કરપીણ મુગ્ધતામાં ઉભડક રોપાયેલ ગુજરાતી તરુણનું ચિત્ર આપે છે.

દોમ દોમ ડોલરનું, એણાંથી જ ઊગતું ને એમાં જ આથમતું, એનું જીવનસપનું હશે, મધુ રાય વારતા માંડે એટલે ફાંકડી જ માંડે. પણ એના નાયકમાં એક અધકચરાઈ છે. કેમ વારુ તો એ કોઈ પણ સામાન્ય માણસ જેવાં સપનાં જુએ છે - અને એમાં કશું ખોટું નથી - પણ આ જગત પર જિંદગીની જદ્દોજેહાદમાં પ્રજાઓ અથડાતીકૂટાતી ઝઝૂમતી જે નવરચના સારુ મથે છે એ ક્યાં છે એમાં.

એ માટે તો તમારે બળવંત નાયક કૃત 'પેસેજ ટુ યુગાન્ડા' - 'ને ધરતીને ખોળે નરક વેરાણું' - કને જવું પડે. આપણે દ્વિનિર્વાસિતો! યુગાન્ડાથી યુકે આવ્યાં. આંગ્લ-ગુજરાતી પરિવાર બન્યો, ને કુટુંબની દીકરી, નવઉઘાડના સંજોગોમાં યુગાન્ડા પાછી ફરે છે (ગુજરાત નહીં પણ યુગાન્ડા હવે 'વતન' છે) ત્યારે પરણી તો છે આદિવતની ડ્રાઇવરના દીકરાને. વીસેક વરસ પર વાંચેલી વારતા સ્મરણ પરથી આશરે આશરે કહું છું. પણ મુદ્દાની વાત એ છે કે ગુજરાતી-આફ્રિકી-અંગ્રેજ, બધાં રક્ત એક નવી ને ન્યાયી દુનિયા સારુ એકધબક થતાં આવે છે. આપણો જે ડાયસ્પોરા તે કશુંક મોરપીંછ શું ધારણ કરી એક નવી સૃષ્ટિ સરજવામાં સહભાગી બને છે,અને એ કદાચ ત્રિશંકુ પણ નથી રહેવાનો, કેમ કે કોઈ સમાંતર સૃષ્ટિ રચવાની નહીં પણ આ જ સૃષ્ટિની નવરચનાની એની જદ્દોજેહાદ હોવાની છે.

તો, ઓગણીસમી સદીના આકલનપૂર્વક એકવીસમી સદીના દિશાદર્શનપૂર્વકની જે દરિયાઈ દેશના (સર્મન ઑન ધ સી) 'હિંદ સ્વરાજ' રૂપે ઊતરી આવી, ડાયસ્પોરી મોહનદાસની કલમે, બને કે આવા કંઈક કેટલા 'પેસેજ' થકી તેને માટેની ભોં ભાંગવાની હોય.

એક યુગયાત્રા છે આ તો. એક અંગત બિનઅંગત સાંભરણ અંબોળુ અહીં? ૧૯૯૭માં વડોદરે ડાયસ્પોરી બેઠક બાદ તરતની બેઠકમાં મારે

અધ્યક્ષતા કરવાની હતી. સ્વરાજને પચાસ વરસ થયાં તે નિમિત્તેનો એ પરિસંવાદ હતો; અને મેં થોડીક નવલકથાઓ આસપાસ મારી માંડણી કરી હતી. જોકે હતો તો એ બીટન ટ્રૅક, કંઈક દર્શક ચર્ચ્યો. આપણો નવો નાયક, નવીનચંદ્ર (સરસ્વતીચંદ્ર) લોકકલ્યાણકામી જરૂર હશે; પણ છે તો એલિટ. સાંસ્થાનિક ભદ્રલોક. પછી મુનશી આવ્યા અને રાષ્ટ્ર-રાજ્યની રાજવટની રંગ વાતો લઈ આવ્યા. અમૂર્ત એવું આ રાષ્ટ્ર, એનો વિક્સતો મધ્યમવર્ગ ર.વ. દેસાઈ સરખે હુંફાઈ પનાલાલ વાટે ઈશાનિયા મલકની કથારૂપે 'લોક' તરીકે ઊતરી આવ્યો. આ લોક અને પેલો એલિટ. બેઉ વચ્ચેની સાર્થક સંબંધશોધની કથા દર્શક લઈ આવ્યા, "ઝેર તો પીધાં છે જાણી જાણી." વ્યાપક સમાજની, સમગ્ર સમાજની આપણી આ સહૃદય સર્જનખોજ તે પછીનાં વરસોમાં રઘુવીરની ત્રયીમાં ને જોસેફ મેકવાનની 'આંગળિયાત'થી માંડી દલપત ચૌહાણના 'મલક' લગી વિકસતી આવી છે. બળવંત નાયકની મેં હમણાં ઉલ્લેખેલી ડાયસ્પોરી દાસ્તાંને હું આ સંદર્ભમાં જોવી પસંદ કરું. ગુણવંતરાય આચાર્યની ધાટીએ આફ્રિકાને હાલારનું પરું તો કહી શકીએ; પણ દુનિયા તો ઓ આગળ ચાલી...

આ નવી દુનિયાને જાણોસમજો છો, સાહેબો? મકરંદભાઈએ ને શિરીનબહેને બ્રિટનના ગુજરાતી ડાયસ્પોરા વિશે જે કિતાબ લખી છે તે જોશો જરી. હજુ ગઈકાલે જ એ વિધિસર બહાર પડી છે. અહીં સમાજક્રમમાં નીચે રહેલ (અને નીચે જ રહેત) એવું લોક ત્યાં પૂગી નવા લોકમાં ગોઠવાઈ રહ્યું છે. ભૈ, આ જ ઇંગ્લેંડની ભૂમિ પર આપણો તરુણ છાત્ર નામે મોહનદાસ બારિસ્ટર બન્યો હતો અને લિબરલ ડેમોક્રસીની એ શિક્ષાદીક્ષા, પછીથી આફ્રિકે સેવાઈ, સત્યાગ્રહની ટગલી ડાળી રૂપે ફૂટી આવી હતી...

ગમે તેમ પણ, 'કિમ્બલ રેવન્સવુડ' અને 'પેસેજ ટુ યુગાન્ડા'ના નાયકોને સમાસામા મૂકીને જોઉં છું ત્યારે મને થઈ આવતું સ્મરણ હાવર્ડ ફાસ્ટની એક કિતાબનું છે. સામાન્યપણે ફાસ્ટને સંભારો એટલે તત્ક્ષણ થતું સ્મરણ 'નેકેડ ગૉડ'નું હોય. પણ અહીં મારો ઈશારો 'આઉટસાઈડર' એ નવલકથા તરફ છે. કામુની નહીં ફાસ્ટની 'આઉટસાઈડર'. પ્રેમમાં પડતોતપતો વ્યાપક સમાજના સંઘર્ષોમાં અટવાતો શો કોળે છે એ! દેખીતો આઉટ, પણ એકદમ ઇન જ ઇન. ડાયોસ્પરી ગુજરાતીઓમાં જોશો, આવાં પાત્રો જડી આવશે અને તમારા વાઇબ્રન્ટી કનકવાને એમાંથી ધોરણસરના કમાનઢઢ્ઢા પણ મળી રહેશે.

વડોદરામાં મેં આરતભરી આશા પ્રગટ કરી હતી કે મારી ભાષાને એલન પેટન કૃત 'ક્રાય ધ બિલવ્ડ કન્ટ્રી' સદૃશ કંઈક મળો. ત્યારે નહીં એટલી તીવ્રતાથી આજે એ જરૂર અનુભવું છું કેમ કે ૨૦૦૨ પછીના ગુજરાતમાં ઊભો છું. આજે એમાં 'આઉટ સાઈડર' વાસ્તેની ટહેલ પણ જોઉં છું... ઓવર ટુ ન્યૂ વર્લ્ડ. **પ્ર.ન.શા.**

[ગુજરાતી સાહિત્ય અકાદમી (યુકે)ની ત્રણ દાયકાની સફરના એક પડાવવિરામે ગુજરાતી લેક્સિકોનના સહયોગથી અમદાવાદમાં તા. ૧૦-૧૧ જાન્યુઆરીના રોજ યોજાયેલ બે પરિસંવાદો ('બ્રિટનમાં ગુજરાતી ડાયસ્પોરા : ઐતિહાસિક અને સાંપ્રત દૃષ્ટિકોણ' તેમજ ડાયસ્પોરી 'ગુજરાતી સાહિત્યસર્જન : દશા અને દિશા')માં સમાપન વક્તવ્ય આપતાં વ્યક્ત કરેલા વિચારો, ઉતાવળે]

## દડા / પ્રવીણ

મોટા મોટા રમતવીરો
જ્યારે
નાના નાના દડાને
લાડથી પોતાના હાથમાં રમાડે છે
ત્યારે
એ ફૂલીને ફાળકો થતાં હોય છે,
જ્યારે એમને આકાશ તરફ ઉછાળાય છે
ત્યારે
એમને એમ થતું હોય છે
કે
અમે
સૂર્યની જગ્યાએ ગોઠવાઈ જઈશું !
જ્યારે
એમને વિરોધી ટીમની વિકેટ લેવા માટે
સેંકડો કિલોમીટરની ઝડપે ફેંકવામાં આવે છે
ત્યારે
એમને એવું લાગે છે
કે
પોતે સદ્-અસદ્ વચ્ચેના યુદ્ધનું
અમોઘ શસ્ત્ર છે !
ઝૂડાય દડા
અને
સ્કોર થાય રમનારનો !
દડા પોતે તો ગોળ હોય છે
અને
એમની સમજણ પણ.....
બે ટીમની વચ્ચે અથડાતા-કૂટાતા દડા
ફટકા ખાઈ ખાઈને ખોવાય છે
અથવા
એમનાં છોતરાં ઊડી જાય છે
અને તો ય
એમને આત્મબોધ ક્યાં થતો હોય છે ?
તમે -
હું -
કે
સર આઈઝેક ન્યુટન,
દડા માટે
દયા ખાવા સિવાય
બીજું શું કરી શકીએ ?

## સદ્‌ગત બ્રહ્મકુમાર ભટ્ટ / પ્રકાશ ન. શાહ

*અઠ્ઠાસી વરસનું પૂર્ણાયુષ ભોગવી બ્રહ્મકુમાર ભટ્ટે તાજેતરમાં વિદાય લીધી. સ્વરાજની પહેલીબીજી બેઉ લડતો સાથેની ગુજરાતી જોડ-કડી સરખા તેમજ મહાગુજરાત આંદોલનના અગ્રણીઓ પૈકી એક એવા આ વ્યક્તિત્વની ચિરવિદાય વેળાએ સમૂહમાધ્યમોમાં ધારાધોરણસરની ટૂંકી નોંધ પણ ન લેવાઈ, એ બેબાક ઉભરાતાં મીડિયારાંની બલિહારી છે! 'નિરીક્ષક'ના આ ગ્રાહકવાચક વિશે, એમનાં સંસ્મરણગ્રંથ 'ત્યારે અને અત્યારે' (વિક્રેતા : નવભારત, દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧; ૨૦૦૫; પૃ. ૧૬+ ૩૨૮, કિં. રૂ. ૨૦૦)ની પ્રસ્તાવનારૂપે મારે 'હૃદયનો રાજીપો' મથાળે જે લખવાનું થયું હતું તે અહીં સ્મૃતિવંદનાના ભાવથી ઉતારુ છું.* *-તંત્રી*

શરૂઆત મારા મનમાં પડેલા એક ખચકાથી કરું. થોડા દિવસ પર ક્યાંક બ્રહ્મકુમારભાઈનો સંક્ષિપ્ત પરિચય વાંચવાનું બન્યું હતું. પરિચયકારે મહાગુજરાત આંદોલનની તેમ એમના વિધાનસભા પ્રવેશ (૧૯૫૭)ની વાત તો કરી હતી, પણ પછી એ નોંધમાંથી કેમ જાણે એવી છાપ ઊઠતી હતી કે ૧૯૬૦થી એટલે કે ગુજરાતના રાજકીય એકમની રચના પછી આપણા બ્રહ્મકુમાર જાહેર જીવનમાંથી નિવૃત્ત જેવા થઈ ગયા તે છેક ૧૯૭૭ના ઉત્તરાર્ધમાં ઈફકોના ચૅરમૅન તરીકે વળી ઝળક્યા તે જ.

ખરું પૂછો તો હાડના (ઈસે'ન્શલ) જે બ્રહ્મકુમાર છે એમને પામવામાં ૧૯૬૦થી ૧૯૭૭ સુધીના સમયગાળાની કૈં નહીં તોપણ બે ઘટનાઓ તો મૂળગામી મહત્ત્વ ધરાવે જ છે. જેમ ૧૯૫૭માં તેમ ૧૯૬૨માં પણ બ્રહ્મકુમાર વળી ખાડિયામાંથી જ વિધાનસભામાં ચૂંટાયા હતા. ૧૯૪૨માં શહેર સૂબા જયાનંદે જેમને ખાડિયાના નાયક નીમ્યા હતા તે તરુણ બ્રહ્મકુમારનો વીસે વરસે એવો જ નિકટનાતો સ્વરાજના મેદ અને કાટ વગર આ વિસ્તાર સાથે આમ બરકરાર હતો. પણ મારો મુદ્દો એ નથી. બ્રહ્મકુમાર ૧૯૬૭માં અહીંથી જ લડ્યા અને વાજતેગાજતે હાર્યા એ આખા ઘટનાક્રમમાં દેખીતી હારજીતની પેલી મેરના મૂલ્યાંકનમાં મને હંમેશ હાડના બ્રહ્મકુમારનું પલ્લું નમતું વરતાયું છે. જરી લપટી પડી ગયેલ ભાષામાં કહું તો એ આખી ઘટમાળમાંથી એમનો 'નૈતિક વિજય' ફોરતો હતો.

વાત એમ છે કે એવર્ષો દેશના સમાજવાદી આંદોલન માટે વિચારવ્યૂહની દૃષ્ટિએ કટોકટીનાં હતાં. અશોક મહેતા 'પોલિટિકલ કમ્પલ્શન્સ ઑફ અ બૅકવર્ડ ઈકોનોમી'ના ધોરણે કૉંગ્રેસ સાથે સહયોગની પ્રામાણિક હિમાયત કરતે કરતે કૉંગ્રેસવાસી થઈ ચૂક્યા હતા. વર્ષો પર, તરુણ બ્રહ્મકુમારે અને સાથીઓએ પિપળાવના તળાવના બે ભાગને જોડતો પુલ શ્રમયજ્ઞથી ઊભો કર્યો અને એને હોંશે હોંશે 'અશોક મહેતા પુલ' નામ આપ્યું ત્યારે એમને કલ્પના પણ નહીં હોય એ રીતે સમાજવાદી આંદોલનના એક મોટા હિસ્સા અને કૉંગ્રેસ પક્ષ વચ્ચે અશોક મહેતાએ પાછળથી પુલની ગરજ સારી હતી!

શરૂમાં બ્રહ્મકુમારનો પ્રતિભાવ રાષ્ટ્રીય સ્તરે અશોક મહેતાથી માંડીને ગુજરાતઆંગણે ઈશ્વરભાઈ દેસાઈનાં વલણોથી વિરોધનો રહ્યો. કૉંગ્રેસવાસી થવું એટલે પ્રજામાનસમાં રાજકીય અર્થમાં કૈલાસવાસી થવું એવી સાદી સમજ પણ બેતાળીસના સંતાન તરીકે અને મહાગુજરાત આંદોલનના એક અગ્રણીને નાતે એમના મનમાં હોવી સ્વાભાવિક હતી. ૧૯૪૭માં, સ્વરાજ આડે થોડા દિવસ માંડ હતા એવામાં, ગુજરાત કૉલેજમાં વિનોદ કિનારીવાળાની ખાંભી ખુલ્લી મૂકવા માટે ગુજરાત કૉંગ્રેસની ઉપરવટ જઈ જયપ્રકાશ નારાયણને નિમંત્રી શકતું છાત્રયુવા નેતૃત્વ કૈં એમ આસાનીથી કૉંગ્રેસને સ્વીકારી શકે પણ નહીં. પરંતુ, એક તબક્કે, રાજકીય વિકલ્પોમાં પસંદગી જ્યારે એકદમ સીમિત થઈ ગઈ ત્યારે પ્રગતિશીલતા અને બિનસાંપ્રદાયિકતાની સંભાવનાઓને ધોરણે બ્રહ્મકુમારને કૉંગ્રેસમાં જોડાવાપણું લાગ્યું એ હકીકત છે.

વ્યાપક સમાજ સમક્ષની અને ખુદ પોતાને પણ જચી ગયેલી જાહેર છબિથી ઉફરા જવાનો પડકાર પોતે સામે ચાલીને નોંતરી રહ્યા છે એની તો આમ કરતી વખતે એમને ખબર હોય જ. તેમ છતાં, એમના વિવેકે જે સુઝાડ્યું તેને વશ વર્તીને એમણે આ જોખમ પણ વહોર્યું. મારે મતે, ગુજરાતના સ્તરે કાંઈ કેનેડી સરખા અચ્છા કલમચીને માટે 'પ્રૉફાઈલ્સ ઈન્કરેજ' ('ધૈર્યશીલોની વીરકથા') પ્રકારની સંસદીય જીવનની કિતાબકારી માટે એક સરસ ને સમુચિત પ્રકરણની સામગ્રી બ્રહ્મકુમારના આ વિવેકમાં પડેલી છે. આયુષ્યના ચાર જ દાયકા વટાવ્યા ન વટાવ્યા અને એમનાં પોત ને પ્રતિભા કેવાંક વિકસ્યાં હશે તેમ જ એમને અંગે હજુ પણ કેવી ઊંચા ગજાની અપેક્ષાઓ લોકમાનસમાં હશે એનો અંદાજે હિસાબ ત્યારે કૉંગ્રેસપ્રવેશ સબબ એમના પર પડેલી પ્રેસ-પસ્તાળ જોતાં આજે આટલે વરસે પણ સચોટપણે મળે છે. વિસ્તારભયે એ પસ્તાળનો ખ્યાલ આપવાનો ટાળું છું, કેમ કે આપણા ચરિત્રનાયકના જે વિવેકનો નિર્દેશ મેં કર્યો એની તાર્કિક ઉપપત્તિ તેમ પરાકાષ્ઠા રૂપ એક મહદ્ ઉલ્લેખ કરવા હું જરી અધીરો થયો છું. તે વાત એ છે કે એમણે કૉંગ્રેસપ્રવેશ સારુ પક્ષ જ નહીં પરંતુ વિધાનસભાનું સભ્યપદ પણ સ્વેચ્છાએ છોડ્યું. અલબત્ત, ત્યારે હજુ આયારામ ને ગયારામના ધન્યનામ દિવસો નહોતા આવ્યા, પરંતુ પદત્યાગના આ વિવેકનું પોતાનું એક ચોક્કસ સ્થાન બ્રહ્મકુમાર-વિષયક ઓળખ ને પરખમાં હતું, છે ને રહેશે.

જે ઓઠું લઈને મેં આ વિવેકચર્ચા માંડી છે તેમાં હજુ એક ઉલ્લેખ બાકી છે તે પણ મારે સપાટાબંધ કરી નાખવો જોઈએ. ૧૯૬૭ની ચૂંટણી એમણે બીજે ક્યાંયથી (કોઈ સલામત બેઠક શોધીને) લડવાનો વિકલ્પ ન સ્વીકાર્યો અને પોતાને ચાહતા પણ કૉંગ્રેસને નહીં ચાહતા ખાડિયા મતવિસ્તારમાં જ ભીંત પરના અક્ષર પેઠે વંચાતી હાર વહોરી જાણી.

આ લખતી વેળાએ મને સાંભરે છે કે તે દિવસોમાં કોઈક અદકપાંસળા સમાજવાદી સાથીએ જાહેરમાં એમને રીટા ફારિયા સાથે સરખાવી ઉતારી પાડ્યા હતા. મિસ ઈન્ડિયા બનેલી રીટા જગતતખતે ઊંચકાઈ તે પછી વતનઆંગણે એણે વિવાહ ફોક કરી નાખેલા તેની ચકચાર ત્યારે સુરખીઓમાં હતી. દેખીતી રીતે જ, બ્રહ્મકુમારના નિર્ણયવિવેકની સમ્યક્ કદરબૂજ એની સમગ્રતામાં નહીં કરી શકાયાથી આમ રીટા ફારિયા સરખો પેરેલલ ઉછાળવાનું બન્યું હતું.

હવે થોડું ૧૯૬૦થી ૧૯૭૭ના સમયખંડની બીજી એક ઘટના વિશે. બ્રહ્મકુમારે જયપ્રકાશના આંદોલન સાથે, ખાસ તો જનતા મોરચા સાથે સંકળાવાનું પસંદ કર્યું. એમની પાસે સહેલો કહી શકાય એવો, સલામત એટલો જ સગવડિયો વિકલ્પ નહોતો એવું તો નહોતું. કોઈ અભિજાત મરાલકુલનાયકને સારુ સહજ એમ ચુમાઈને તેઓ કોરાણે બેસી શક્યા હોત અથવા તો અધિકારવાદ ખમી ખાઈ સારા દા'ડાની આશાએ ખૂણો પાળી શક્યા હોત. આ સંદર્ભમાં હું તો પાણેરીદાદા સરખાને પણ સંભાર્યા વગર રહી શકતો નથી. ગુજરાતના ચૂંટણીપ્રવાસે આવેલાં ઇંદિરા ગાંધીને હજુ તો ચારપાંચ અઠવાડિયાં પર જ સમાજવાદી ગોત્રના આ કૉંગ્રેસજન મળ્યા હતા અને તમારે જયપ્રકાશ સાથે સંવાદ કરવો જોઈએ એવી ચંદ્રશેખરની હિમાયત દોહરાવી હતી. પણ કટોકટીરાજની જાહેરાત સાથે આ જ નરભેશંકર પાણેરીએ ખુલ્લંખુલ્લા બહાર પાડવામાં ધર્મ જોયો. પરિણામ બીજું શું આવે, સિવાય કે વડોદરાના મિસાવાસમાં પ્રકાશને જેમ બ્રહ્મકુમારભાઈની તેમ પાણેરીદાદાનીયે સોબતનો સ્નેહલાભ મળ્યો. ત્યારે, વાતવાતમાં એક વાર બ્રહ્મકુમારે સંભાર્યું હતું કે પોતે પાણેરીને સ્કૂટર પર લઈને ગૃહમાંથી ગામમાં જતાઆવતા હતા તે પરથી હિતેન્દ્રભાઈ દેસાઈ કેટલીક વાર પીએસપીને પાણેરી સ્કૂટર પાર્ટી તરીકે ઓળખાવતા! ગમે તેમ પણ, મુદ્દાની વાત એ છે કે બ્રહ્મકુમારે સ્વરાજની બીજી લડત જોડે રહેવાનું પસંદગીપૂર્વક સ્વીકાર્યું તે એમના અંતઃસ્તત્ત્વને ઉજાગર કરતી બીના હતી.

વાતની શરૂઆત મેં મારા મનના એક ખચકાથી અને મને લાગેલ ધક્કાથી કરી હતી. એ ધક્કાએ મને હું જે એસે'ન્શલ બ્રહ્મકુમારને જાણું-સમજું છું એમની બાબતે બે શબ્દો ઊહાપોહભેર લખાવ્યા પછી જ મારો કેડો માંડ મેલ્યો છે. 'ત્યારે અને અત્યારે' પૂર્વે બ્રહ્મકુમારે 'રંગ જાય ના જુવાન' અને 'લે કે રહેંગે મહાગુજરાત' એ બે પુસ્તકો, અનુક્રમે બેતાળીસ અને તે પછીની રાષ્ટ્રીય ચળવળ તથા મહાગુજરાત આંદોલનને લગતાં, આપેલાં છે. આ ત્રણે પુસ્તકો મળીને ગુજરાતના જાહેરજીવનના કૈં નહીં તોપણ છેલ્લા છ દાયકાની પરિચયબારીની ગરજ સારે છે. માત્ર, અગાઉનાં બે પુસ્તકો કરતાં આ ત્રીજું નિરાળું એ રીતે છે કે એવું સ્વરૂપ અંગતબિનંગત સંસ્મરણમાળાનું છે. મુદ્દલ સ્પૉન્સર્ડ નહીં એવા એપિસોડ આ બધા છે. એમાંથી પસાર થતાં બ્રહ્મકુમારભાઈના ઉછેર અને ઘડતરનો પરિચય થયો. એણે મને બ્રહ્મકુમારનાં વ્યક્તિત્વ અને કૃતિત્વના ઈસેન્સ સાથે એકદમ સાક્ષાત્કારક ક્ષણોમાં મૂકી આપ્યો.

નમૂના દાખલ, બ્રહ્મકુમારના પિતા જ મને તો ખરું જોતાં એક સ્વતંત્ર ચરિત્રલેખના સ્પૃહરણીય વિષય સરખા લાગતા રહ્યા છે. ગુજરાતને એમનો સ્વલ્પ પરિચય 'પ્રક્ષાલન' થકી હોય તો ભલે. અમે સૌ જે ૧૯૭૬માં વડોદરા જેલમાં સાથે હતા એમને બ્રહ્મકુમારભાઈ સાથેની વાતોમાંથી એમના પિતાનો પણ કંઈક પરિચય થયો હતો. અહીં પિતા વિશેનાં કેટલાંક સ્મરણો ને પ્રસંગો છે એમાંથી શું સમજાય છે? સાધારણ આર્થિક સ્થિતિનો પણ દેશપ્રેમ અને ધર્મભાવનાએ ભરેલો એ જણ છે. ક્યારેક પત્નીનાં સાંકળાં વેચીને દીકરાને માંડ ભણાવવાની નોબત એણે વેઠી છે. દીકરો ચળવળમાં છે, શિવરાત્રિ અને એકાદશી એકબીજાના ખબર પૂછે એવું જાહેર જીવનનું ને ગૃહજીવનનું અર્થકારણ ચાલે છે. લગભગ રોજનું કમાઈ રોજ ખાતા દા'ડિયાની જેમ પુત્ર બ્રહ્મકુમાર સાથીઓ સાથે મળીને મહાગુજરાત આંદોલન સારુ છાપું ચલાવે છે અને જરૂરી ન્યૂઝ પ્રિન્ટનાં નાણાંની રોજની બબાલમાં રણછોડલાલની જિંદગીભરની એકમાત્ર કમાણી રૂપ પ્રૉવિડન્ટ ફંડના નાણાંનો હિસ્સો પણ ખપ આવી જાય છે. અલબત્ત, એમની પોતાની હૈયાઊલટથી. એમ તો, પોતે પણ ક્યારેક 'કર્મવીર' ચલાવેલું ને. જોવાનું એ છે કે રણછોડલાલ દેખીતા કોઈ આગળ પડતા માણસ નથી. કોઈપણ સાધારણ માણસની પેઠે ઘરગૃહસ્થી નભાવતે નભાવતે એમની ભજનચર્યા ને સંતસમાગમ વગેરે ચાલે છે. એમનું પોતાનું નાનું શું સાર્વજનિક જીવન અને પુત્રનું ઉત્તરોત્તર વિસ્તરતું સાર્વજિક જીવન એ એમના ગૃહસ્થાશ્રમનો જ સહજ વિસ્તાર છે. કોઈ વ્યાસપીઠ પરથી દાખડા વગરનો દાયિત્વબોધ એમાંથી ફોરતો આવે છે.

બ્રહ્મકુમારના પિતાનો નિર્દેશ કર્યો તો એમના સદ્‌ગત પુત્ર સુરેશનો પણ કરી લઈએ. અસાધ્ય બીમારીવશ સુરેશનું નાની વયે અવસાન થયું છે. બાળકની કાળજી અને સારસંભાળનો હૃદયભાવ બ્રહ્મકુમારનો પીછો છોડતો નથી અને સદ્‌ગત પુત્ર માટેનો પ્રેમવશ કર્તવ્યભાવ વ્યાપક સમાજને સારુ સુલભ આરોગ્યસેવા રૂપે વિકસે છે. ગોગ્રાસની બાલાશ જાણતા ને અભ્યાગતની આવભગતે કોળતા ગૃહસ્થાશ્રમનું જ આ વિસ્તરણ છે. ચેતોવિસ્તાર પણ, ક્ષિતિજવિસ્તાર પણ.

વાત સમેટતાં કહું તો સામાન્ય રીતે હું સ્વાતંત્ર્ય-સંગ્રામની ગાંધી પરંપરામાં સમાજવાદી આંદોલનની આ ત્રિસૂત્રીનો કાયલ રહ્યો છું : બેલટ બૉક્સ (લોકશાહી જાગૃતિ), જેલ ભરો (અન્યાય પ્રતિકાર) અને પાવડો (રચનાકાર્ય). જયપ્રકાશના આંદોલન માટેનું ખેંચાણ અને ભોગીભાઈ ગાંધી સરખા મિત્ર-માર્ગદર્શક-ફિલસૂફ સાથે જનતા મોરચાની રચનામાં નિમિત્ત બનવાની મિત્રોની ને મારી મથામણ, કંઈક પરિભાષિત - કંઈક અપરિભાષિત પણ વર્ણ ને વર્ગને ઓળાંડી જઈ શકતા આ ત્રિમૂર્તિ અભિગમની અપીલવશ હતાં. એમાં વળી બાબુભાઈ જશભાઈ ને બ્રહ્મકુમારભાઈ કે બી. કે. મઝુમદાર સરખાઓની સહૃદય ને સન્માન્ય સોબત આવી મળી. પૂર્વનું સુકૃત, બીજું શું.

ગુજરાતમાં આજે જો ધોરણસરના રાજકીય વિકલ્પનું ટાંચું પડ્યું હોય અને વિકલ્પની રાજનીતિ બેઘર માલૂમ પડતી હોય તો તેનું મોટું કારણ સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના આદર્શને ચરિતાર્થ કરતી આ ત્રિસૂત્રી કાર્યસરણીથી છેટું પડી ગયું એ છે. નાગરિક સમાજની નરવાઈ વાસ્તે નિયમ પુરસ્સરનાં રુધિરાભિસરણ અને ચયાપચયની દૃષ્ટિએ આ ત્રણે વાનાં પાયાનાં છે. તેની જોડાજોડ, 'ત્યારે અને અત્યારે'માંથી પસાર થતાં જે એક ગૃહસ્થાશ્રમધર્મી સુવાસે સ્પંદિત-સુરભિત થવાનું બન્યું એને માટે હૃદયનો રાજીપો પ્રગટ કરી અહીં અટકું છું.

## વિપુલ કલ્યાણીનો વાર્તાલાપ

સેક્યુલર લોકશાહી આંદોલનની નિયમિત ગુરુવારીમાં વિપુલ કલ્યાણી સાથે મુક્ત ચર્ચા :

સાંજના ૬, ૨૨-૧-૨૦૦૯, નર્મદ મેઘાણી લાઇબ્રેરી, નટરાજ રેલવે ક્રૉસિંગ, મીઠાખળી, અમદાવાદ.

# એક સુધારક મુસલમાનનો પત્ર / ઈસ્માઈલ ગાંધી

*(મદ્રેસાઓ અને દારુલ ઉલુમોમાં ઈસ્લામનું ધાર્મિક શિક્ષણ અપાય છે. કંથારિયા વગેરેની મોટી સંસ્થાઓમાંથી ગુજરાતીમાં પુસ્તકો પ્રગટ થાય છે તે સાથે ત્યાંથી ગુજરાતીમાં સામયિકોમાં પણ પ્રગટ થાય છે. આવી સંસ્થાઓમાં રૂઢિચુસ્ત અને સુધારાવાદી એમ બે જાતની વિચારસરણી એક સાથે ચાલે છે. ૨૦૦૨ના ગોધરાકાંડ પછીની હિંસામાં નિર્દોષ મુસ્લિમો કટ્ટરવાદી હિંદુઓની હિંસાના ભોગ બન્યા પછી ઈસ્લામ, કુરાન, મુલ્લાઓ, મદ્રેસાઓ વિશે ભારતની બહુમતી હિંદુ પ્રજામાં તરેહ તરેહની શંકા-કુશંકા ભરી વાતો પ્રચલિત થઈ છે. તેની નક્કર જાણકારી મેળવવા મેં ડભોઈ પાસે વેગા, તારાપુર, કંથારિયા, લુણાવાડા વગેરે ઠેકાણે આવેલી ઈસ્લામી શિક્ષણ સંસ્થાઓ (દારુલઉલુમ)ની જાતમુલાકાત લઈ હકીકત જાણવા પ્રયાસ કર્યો. વેગામાં ઈસ્લામની ધાર્મિક તાલીમ સાથે ચાલુ શિક્ષણ પણ અપાય છે. ત્યાં એસ.એસ.સી.માં સંસ્કૃત પણ ભણાવાય છે તે જાણી આશ્ચર્ય સાથે આનંદ થયો હતો. મુસ્લિમ સુધારાવાદી સજ્જનો સાથેનો સંપર્ક પણ વધ્યો છે. હવે કટ્ટરતાવાદી મુલ્લા-મૌલવીઓ ઢીલા પડ્યા છે. તેમને ભારતમાં બહુમતી હિંદુ પ્રજા સાથે હળીમળીને રહેવાનું હોય તો કેટલીક બાબતોમાં ઉદારતા રાખ્યા વગર છૂટકો નથી તે સત્ય સમજાયું છે. સુધારા-પ્રેમી મુસ્લિમો હવે થોડા હિંમતપૂર્વક જાહેરમાં સદ્ભાવ વધારવાની વાત કહેતા અને કટ્ટરવાદી મૌલવીઓને પણ સમજાવતા થયા છે. ભારત દેશની એકતા અને શાંતિ માટે આ વલણ આવકારદાયક છે.*

*વડોદરામાં ગાંધી ટ્રાવેલ્સ બહુ જાણીતી ટ્રાન્સપોર્ટ કંપની છે. તેના માલિક ઈસ્માઈલભાઈ ગાંધી આવા જ એક સદ્ભાવી ગૃહસ્થ છે. તેઓ ઈસ્લામી સાહિત્ય વાંચે છે અને કટ્ટરતાવાદી મુસ્લિમોને સમજાવે છે. તેમણે તેમના એક પત્રની નકલ મને મોકલી છે. ભાષા તેમની છે. તેમના કેટલાક ઊર્દૂ શબ્દોનો મેં ગુજરાતીમાં તરજૂમો કર્યો છે. આપણા બિન સાંપ્રદાયિક વલણ ધરાવતા મિત્રોએ પણ આ ચિંતન સમજવા જેવું છે. હવે તે પત્ર જોઈએ.*

**- જગદીશ શાહ**

તા. ૨૨-૧૨-૨૦૦૮

જનાબ મૌલાના ઈસ્માઈલ વલી ભૂતા સાહેબ,
તંત્રી, 'સચ્ચાઈ' દ્વિમાસિક
દારુલ ઉલુમ, ટંકારિયા જિ. ભરૂચ.

અસ્સલામઆલેયકુમ.

સલામ બાદ લખવાનું કે લવાજમ ભરતી વખતે આપને ત્યાંથી એક-બે વર્ષ પહેલાના અંકો મને મળ્યા હતા. હમણાં સપ્ટેમ્બર- ઑક્ટોબર અને નવેમ્બર-ડિસેમ્બરના અંકો ૫ અને ૬ મળ્યા.

આ અંકોમાં બે-ચાર વર્ષ જૂના પોપડા ઉખેડી છાપો છો (તે ઠીક નથી). આપના દ્વિમાસિકમાં આપના તરફથી દેશમાં અને ખાસ કરીને ગુજરાતમાં ભરૂચ જિલ્લામાં ચાલતા દારુલઉલુમ (ધાર્મિક અને શૈક્ષણિક) સંસ્થાઓના સંચાલકોની કાર્યવાહી વિરુદ્ધ તે ઈસ્લામ-વિરોધી છે એમ ઠસાવી લોકો સમક્ષ રજૂઆત કરો છો (તે ઠીક નથી). તાજેતરના અંકમાં આપે લખ્યું છે કે મુસ્લિમ બાળકોને સંસ્કૃત ભણાવવાનું ઈસ્લામ વિરુદ્ધનું કાવતરું છે.

આ અંગે જણાવવાનું કે સંસ્કૃત ધો. ૮ અને ૯માં ફરજિયાત છે, ધો-૧૦માં મરજિયાત છે. આ વિષય સહેલો હોઈ એસ.એસ.સી.માં બાળકો સહેલાઈથી ૭૦-૮૦ ટકા માર્ક્સ લાવી શકે છે. વધારાના વિષય તરીકે સંસ્કૃત લેવાથી માર્ક્સની ટકાવારી વધારવા વિદ્યાર્થીઓ અને વાલીઓ તે પસંદ કરે છે. સંસ્કૃતને બદલે અરબી લેવાય તો સંસ્કૃત છોડી શકાય. (પણ તે વિષય લેનારા ઓછા હોઈ) શિક્ષક ન પોષાય. આથી સંસ્કૃત વિશે આપનો મત યોગ્ય નથી. આપણને ઉર્દૂ અને અરબી માટે આત્મીયતા હોય પણ ભારતની વસતીના ૮૦થી ૮૫ ટકા હિંદુ છે અને તેમના ધાર્મિક ગ્રંથો રામાયણ, મહાભારત વગેરે સંસ્કૃતમાં છે. તેમની નવી પેઢી તેમની મૂળ સંસ્કૃત ભાષા ભૂલી ન જાય તે માટે સરકારે અભ્યાસક્રમમાં સંસ્કૃતનો વિષય દાખલ કર્યો છે. આપણાં બાળકો પણ સંસ્કૃતને જાણે-સમજે તેમાં ખોટું શું છે? (હું તો માનું છું કે) અંગ્રેજી સાથે જર્મન, ચીની, રશિયન, અરબી ભાષાઓ પણ શોખ ખાતર ભણી વિદેશોમાં વધુ અભ્યાસ માટે કે નોકરી - ધંધા માટે જાય (તેનેય ઉત્તેજન આપવું જોઈએ). સંસ્કૃતમાં આવતાં દેવી-દેવતાઓનાં નામોની સૂગ શા માટે રાખવી? આપણે ભાષા જાણવા માટે સંસ્કૃત ભણીએ છીએ, દેવી-દેવતાઓને નમન કરવા માટે નહીં. કાલે ઊઠીને કોઈ કહેશે કે 'આરામ' શબ્દ ન બોલવો કારણ કે તેમાં 'રામ'નું નામ આવે છે, લાલકૃષ્ણ અડવાણીનું નામ ન બોલવું કારણકે તેમાં 'કૃષ્ણ'નું નામ આવે છે.

બીજી બાબત છે સ્કૂલોમાં નૃત્ય-ગરબાની. શાળાઓમાં વાર્ષિકોત્સવ - મનોરંજન કાર્યક્રમો હોય છે. તેમાં બધાં બાળકો ભળે (તેમાં સંકુચિતતા શા માટે રાખવી). અમારા જેવાનાં બાળકો ભવન્સ, દિલ્હી પબ્લિક સ્કૂલ, રોઝરી (ખ્રિસ્તી મિશનની) શાળાઓમાં વધુ સારાં ભણતર અને શિસ્ત મેળવવા ભણે છે. કોઈ સ્કૂલમાં નાટકો-નૃત્ય વગેરેમાં ભાગ લેવાનું ફરજિયાત નથી. મુસ્લિમો દ્વારા સંચાલિત સ્કૂલોમાં આવા કાર્યક્રમો ન રાખવા જોઈએ (પણ કેટલીય સ્કૂલોમાં હિન્દુ બાળકો મોટી સંખ્યામાં ભણે છે). ભરૂચ-જંબુસરની મુસ્લિમો દ્વારા ચાલતી ને માત્ર મુસ્લિમ બાળકોને જ ભણાવતી શાળાઓના સંચાલકોને તમે સમજાવી શકો. અમારાં બાળકો ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા કે હિંદુ કેળવણીકારો દ્વારા ચલાવાતી શાળાઓમાં ભણે છે. તેમને નૃત્ય-ગરબામાં ભાગ લેવાની ફરજ પાડવામાં આવતી નથી. પણ શાળાઓને આવા કાર્યક્રમો બંધ કરવાનું કેમ કહેવાય?

આપણો અભિગમ સારું શિક્ષણ આપનારી સ્કૂલોની સારી બાબતોનાં વખાણ કરવાનો હોવો ઘટે. જે જે મુસ્લિમ બાળકો પરીક્ષાઓમાં સારું પરિણામ લાવે છે, બીજી મુસ્લિમ સ્કૂલોના ૯૫થી ૧૦૦ ટકા પરિણામ આવે છે તેમને બિરદાવી શિક્ષણ ઉપર જ વધુ ધ્યાન આપવા જણાવવું જોઈએ. (નહીં કે નાની નાની બાબતોમાં વાંક જોવો).

૮૦ ટકા અન્યધર્મીઓ સાથે ધર્મ સિવાયની કઈ કઈ બાબતોથી ભાઈચારો વધે, તેમની સાથે નોકરી-ધંધામાં કામ કરવાનું હોઈ નાનીનાની બાબતોમાં છીંડાં ન શોધવા જોઈએ. આવા વલણથી જ ભાગલા પડે છે. અને સરવાળે આપણા સમાજને જ નુકસાન થાય છે.

પાકિસ્તાન ઈસ્લામી દેશ છે, ત્યાં ઈસ્લામી કાયદા છે છતાં ત્યાં સિનેમા-નાટક-નૃત્ય-સંગીત-મેકઅપ વગેરે ચાલે છે તે જગજાહેર છે. ત્યાંય ઈસ્લામ - વિરોધી લૂંટફાટ-ખૂનખરાબા ચાલે છે. ત્યાં આપના જેવા આલીમો-

મૌલવીઓ છે છતાં કોઈ તેને રોકવા-ટોકવા હિંમત બતાવતું નથી.

દુબઈ તો આરબોનો મુસ્લિમ દેશ છે. ત્યાં ભારતના બધા ફિલ્મી કાર્યક્રમો (નાચગાન વગેરે) ત્યાંના આરબ શેખની હાજરીમાં થાય છે ને તેમને હાથે ઈનામો પણ અપાય છે. ટીવી ઉપર આપણાં બાળકો આ બધું જુએ છે ને તેનું અનુકરણ કરે છે એમ કહીએ તો ખોટું નથી. આ બાબતે દુનિયાભરના મુસ્લિમ અગ્રણીઓ ને આલીમો, નેતાઓ, શેખોની મોટી કોન્ફરન્સ બોલાવી ગેર-ઈસ્લામી કાર્યક્રમો બંધ કરાવવા આપના જેવાઓએ પ્રયાસ કરવો જોઈએ.

ધર્મના નામે અને ધર્માચરણના નામે એકતરફી વિચારણા અયોગ્ય છે. અન્ય ધર્મો (હિંદુ-ખ્રિસ્તી વગેરે)ની સારી વાતો હોય તેમજ તેમના દેશ તરફથી આપણને સારી સગવડો મળતી હોય તેની પણ પ્રશંસા કરવી જોઈએ. બીજા દેશોના હજારો નહીં, લાખો લોકોને યુરોપ-અમેરિકા (ખ્રિસ્તી દેશો) રાખે છે. તેમને રોજી-રોટી-મકાન-મેડિકલની ફ્રી સર્વિસ આપે છે. ત્યાંના નાગરિક હક્કો-નાગરિકતા આપે છે. કોઈ મુસ્લિમ દેશ (બીજા દેશના - બીજા ધર્મના લોકોને) આ રીતે રાખે છે? તેઓ તો બીજા દેશોના મુસ્લિમોનેય (૨૦-૩૦ વર્ષથી ત્યાં રહેતા હોય તોયે) કોઈ વધારાની સગવડ ન આપતાં માત્ર વર્ક પરમીટ-વીઝા આપે છે. ત્યાં આરબ ભાગીદારોને ૫૦ ટકા ફિક્સ્ડ રકમ આપીને ધંધા થાય છે. આરબો તેમાંથી મોજમજા કરે છે. ગુજરાતમાં કે ભારતમાં ધરતીકંપ જેવી કુદરતી કે હુલ્લડ જેવી માનવસર્જિત આફતો પછી યુરોપના ખ્રિસ્તી દેશો વહારે આવે છે. સોમાલિયા જેવા મુસ્લિમ દેશનેય (ધર્મ જોયા વિના) મદદ કરે છે. સાચી માનવતા અને લોકશાહીનો આચાર બ્રિટન, અમેરિકા વગેરેમાં થાય છે. ત્યાં ધર્મ જોયા વિના માણસના કામની કદર થાય છે. ત્યાંથી લાખો ડોલર / પાઉન્ડ કમાઈ આપણા લોકો આપણા દેશમાં મોકલે છે. તેમની જકાત / લિલ્લાહમાંથી જ ભરૂચ જિલ્લામાં દારુલઉલુમ થયા છે. પણ દુનિયાની (વિજ્ઞાન પ્રગતિની) તાલીમ માટે આપણે પછાત રહી ગયા છીએ. આજથી ૩૦-૪૦ વર્ષ પહેલાં ભરૂચ જિલ્લાના એક દારુલ ઉલુમમાં અંગ્રેજી અને વર્તમાન શિક્ષણ માટે સ્કૂલો ખોલવા બાબત ત્યાનાં સર્વોચ્ચ મૌલવીએ કહેલું, ''અંગ્રેજી ખ્રિસ્તીઓની ભાષા છે. તેમની તાલીમથી આદમી ભટકી (ધર્મવિમુખ થઈ) જાય છે.'' આજે યુ.કે. - અમેરિકાની નવી પેઢી પાસેથી ફાળો ઉઘરાવવા મૌલવીઓને અંગ્રેજી ભણાવાય છે, અમે પાછળ નથી એમ બતાવવા પૂરતું જ! ત્યાંની મસ્જિદોમાં જઈને દાનની અપીલ કરવા પૂરતું અંગ્રેજી ભણાવાય છે.

આપણા હાફીઝો-મૌલવીઓને કેટલું વેતન અપાય છે? તેમાંથી તેમના પરિવારનું સારી રીતે પોષણ કરી શકે છે? ગામડાની મસ્જિદના પેશ-ઈમામની હાલત શી છે? તેમને કોઈક હુન્નરનું ટેકનિકલ જ્ઞાન આપવામાં આવે તો તેઓ પૂરક આવક મેળવી શકે. આજના જમાના પ્રમાણે જરૂરી ટેકનિકલ જ્ઞાન હોવું જરૂરી છે. તો જ આપણે દુનિયાની બીજી કોમો, બીજા દેશો સામે ટકી શકીશું. આજે તો (કોમ્પ્યૂટર, મોબાઈલ, ટીવી, ઇન્ટરનેટના લીધે) દુનિયા આખી નજીક આવી ગઈ છે.

ઈસ્લામી વાયઝ (કથાઓ) કે મસ્જિદમાં મૌલવીઓનાં પ્રવચનોમાં વારેવાર હદીસ, નબી, પેગંબર સાહેબના કિસ્સા વર્ણવી ઉપદેશ અપાય છે કે બીજાની એબ (અવગુણ) જાણો તો જાહેર ન કરો. કરેલા ઉપકારો (દાન-ખેરાત)ની જાહેરાત ન કરો. ઝઘડા-ફસાદ ન કરો, મોમીન સાથે વ્યવહાર ન તોડો - શું આ બધી બાબતો આમ પ્રજા માટે છે? આલીમો માટે નથી? દારુલ ઉલુમ, મદ્રેસા, મસ્જિદોના આલિમો અંદરોઅંદરના ઝઘડામાં છૂટા પડી નવી પેઢીઓ બનાવે છે. આખી દુનિયામાં મુસ્લિમ જગત કેમ પાછળ પડી ગયું છે તેનો અભ્યાસ કરવો જોઈએ. આપસમાં લડી-ઝઘડી મુસ્લિમ કોમ ખુવાર થાય છે તે તરફ ધ્યાન આપવું ઘટે છે, સાથે બેસી આપસી મતભેદો દૂર કરવા ઘટે છે. ગુસ્તાખી માફ!

-ઈ.ગાં.

## 'નરકની અંદરબહાર'

પૂર્વ ડેપ્યુટી ડિએસપી અને કાઉન્સિલ ફૉર હ્યુમન રાઈટ્સ ઍન્ડ જસ્ટિસના કન્વીનર ભરત પંડ્યા (ફાયર બ્રિગેડ પાસે, નવસારી બજાર, સુરત-૩૯૫૦૦૨, મો. ૯૪૨૮૭૪૭૯૧૭) આજકાલ 'ઇન ઍન્ડ આઉટ ઑફ હેલ : સ્ટોરી ઑફ માય કેરિયર ઇન ગુજરાત પોલીસ' નામે પુસ્તક લખી રહ્યા છે.

આ સંદર્ભમાં એક યાદીમાં તેમણે જણાવ્યું છે કે ''ઊંચી પાયરીએ વર્ષોની નોકરી દરમિયાન ઉચ્ચકક્ષાના પોલીસ અમલદારો તરફથી તેમજ સચિવાલયના ગૃહખાતા તરફથી ઘણા દુઃખદ અને કટુ અનુભવો થયેલા. નબળા વર્ગોમાંથી આવતા અમલદારોને બંધારણમાં જણાવ્યા મુજબનું રક્ષણ આપવાને બદલે તેમને પ્રકાર પ્રકારની હેરાનગતિ કરવામાં આ ઉચ્ચકક્ષાના અમલદારો કોઈ કાયદો, શિષ્ટાચાર કે માનવતાનાં ધોરણો જોતાં નથી એવા મને પ્રત્યક્ષ અનુભવો થયા છે. આવા અનુભવ નબળાવર્ગોમાંથી આવતા અનેક અમલદારોને થયા જ છે.

''જે વાચકો, ભૂતપૂર્વ અમલદારોને આવા દુઃખદ કે સુખદ અનુભવો થયા હોય, તેઓ, પોતાના કે અન્યોના, આવી ઘટનાઓ પોતાના કે કુટુંબની/મિત્રોને નામે લખી મોકલશે તો તેને યથાર્થ જગ્યા ફાળવાશે અને તેમણે આપેલી માહિતી ગુપ્ત રખાશે. જો તેમની ઈચ્છા હશે, તો નામ-ફેર સાથે પણ પ્રગટ થશે.'' (લખાણ ઇ-મેઇલથી પણ સ્વીકાર્ય છે. rightjustice@ymail.com)

## વાચકો લખે છે

**ડૉ. બી. ટી. ત્રિવેદી, ૧, રાજુલ એપાર્ટમેન્ટ, પાલડી, અમદાવાદ-૭ :**

જાન્યુઆરી ૧, ૨૦૦૯નાં 'નિરીક્ષક'ના અંકમાં શ્રી જગદીશભાઈ પટેલનો લેખ વાંચ્યો. વડનગરના ડૉ. વસંત પરીખ એટલે ગુજરાતનું અને મુખ્યત્વે ઉત્તર ગુજરાતનું ખૂબ જ જાણીતું નામ. એક જીવતી જાગતી સેવાની મૂર્તિ. આંખના અને ખાસ કરીનેમોતીયાના (Cataract)નાં મફત ઓપરેશનો કરી આપતાં તેમણે ભેખ લીધેલો એમ કહીએ તો જરાય અસ્થાને નથી જ! હું મહેસાણા સિવિલ સર્જન હતો ત્યારે એમની સંસ્થાની મુલાકાતે ગયેલો ત્યારે મને આ સૌમ્ય ચહેરાવાળા, સીધાસાદા પરંતુ વિરાટ મનુષ્યના દર્શન થયેલાં. તેઓ જ્યારે વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયેલા ત્યારે લાગેલું કે પોલિટિક્સ તેઓ માટે બરાબર નથી. તેમણે એવોર્ડ કે ઇનામની કદી ખેવના રાખી ન હતી. પરંતુ તેમના કાર્ય થકી બધા એવોર્ડથી તેઓ ઘણા ઊંચે હતા. એમનાં ઘણાં પુસ્તકો પણ પ્રકાશિત થયાં છે જે વાંચવા જેવાં છે. 'સાચના કાચમાંથી' તેમજ 'અનન્ય' આ બે એમની સુંદર પુસ્તિકાઓ છે.

''સાહિત્યમાં દલિત : સંવાદ વિનાનો વિવાદ'' લેખ દ્વારા પણ ઘણું જ જાણવાનું મળ્યું. વિવાદ પહેલાં સંવાદ પણ યોગ્ય સ્થળેથી થવો તો જોઈએ જ. વળી અમુક પુસ્તકો જો સમાજના અમૂક વર્ગની લાગણીઓને ઠેસ પહોંચાડતાં હોય તો તેને માટે યોગ્ય ઉપાય શોધવો રહ્યો જ. સ્વ શ્રી ઉમાશંકર તેમજ શ્રી મેઘાણી કોઇને કદી દૂષિત પાણી તો પાય જ નહીં. તદ્ઉપરાંત આપણા શબ્દ કોષોમાં નવા નવા શબ્દો ઉમેરાતા જ રહેતા હોય છે. તો થોડાક અણગમતા શબ્દોનું બલિદાન પણ કેમ ન આપી શકાય?

## પ્રેમચંદ, ગોમાત્રિ, રાવિપા / જોસેફ મેકવાન

**પ્રિય પ્રકાશભાઈ,**

ઈશુનું નવુંવરસ દેશમાં પ્રેમ શાંતિ, સુમેળ અને ભાઈચારો પ્રગટાવતું બની રહે એવી અભ્યર્થના...

છેક ૧૯૬૦માં મેં હિન્દી સાહિત્ય સંમેલન-પ્રયાગની સર્વોચ્ચ પરીક્ષા 'સાહિત્ય રત્ન' બે ખંડ ઉત્તીર્ણ કરેલી. જે એમ.એ. સમકક્ષ લેખાતી. એ પછી મેં એમ. એ. કર્યું. હું ડૉ. યોગેન્દ્ર પારેખ સમો વિદ્વદ્વર્ય તો નથી જ, પણહિન્દી સાહિત્ય વિશે કંઈક પહોંચ તો ધરાવું છું. ૧૯૭૧માં ગુરુદેવ ટાગોરના શાંતિ નિકેતનમાં યોજાયેલી 'કહાની-કવિતા કાર્યશિબિર' વેળા, પરામર્શક તરીકે ત્યાં પધારેલા પ્રેમચંદજીના સુપુત્ર અમૃતરાય સાથે ગાઢ દોસ્તીનો નાતો બંધાયેલો. આ જ અમૃતરાયે પ્રેમચંદજીનું બૃહદ જીવનચરિત્ર સાહિત્યક સમીક્ષા સમેત ''કલમ કા સિપાહી'' લખ્યું છે. હિંદી સાહિત્યમાં એમની ઊંચી કોટિના પરમ પારંગત અને મોટા ગજાના મીમાંસક તરીકેની શાખ છે. એમની સાથે કેવળ 'કફન' જ નહીં બીજી અનેક કૃતિઓની દિલખુલાસ ચર્ચા થયેલી. 'કફન' વિશે મેં કીધેલું :

લેખક 'ચમારોં કા કુનબા'નો ઉલ્લેખ કરી ચૂક્યા છે. ગામડામાં હલકામાં હલકી જાતિની 'જચ્ચા ઔરત' - બાળક જનમવાની જેને વેણ ઊપડી હોય તે એકલી નથી હોતી. એકાદ સુયાણી ને બે-ચાર સહાનુકંપાશીલ સ્ત્રીઓ જણતલની આસ-પાસ એને સધિયારો બંધાવતી જ હોય છે. અહીં 'બુધિયા' એકલવાયી ટાંગા ઘસીને મરણ-શરણ થાય છે એ મનગઢન્ત અતિશયોક્તિ છે. વળી બાપ-બેટા, ધીસૂ અને માધવીને હૈયાંહીણાં ચિતરવામાં બાબુજી (પ્રેમચંદજી) ગરીબની માણસાઈને હીણપત લગાડવાનીય હદ વટી ગયા છે. હું ખુદ આ જાતિ-વર્ગમાં લોક વચ્ચે જીવ્યો છું. મારી જાત-સાબિતીએ કહું કે કોઈ પણ શ્રમજીવી પ્રેમચંદજીએ નિરૂપ્યો છે એટલો ડહર, નીંભર, નઘરોળ ને નિર્લજ્જ નથી હોતો. આ વાર્તા કલાકૃતિ ભલે લેખાઈ પણ એ વાસ્તવથી જોજનો દૂરની ભારોભાર કપોલકલ્પિત છે.

આ સ્પષ્ટતા પછી અમૃતરાયનો પ્રતિભાવ હતો : 'જોસેફજી આપ સહી હૈ ઔર બાબુજી ગલત!'

આ સંદર્ભ મેં 'વ્યથાના વીતક'ની મારી ભૂમિકામાં 'સ્વાનુભૂતિ'ના અનુષંગે ટાંક્યો છે. પ્રેમચન્દજી મારા આરાધ્ય પૂર્વસૂરિ છે. પણ એમની ટીકા ના જ થઈ શકે એટલા એ અપ્રતિશોધ્ય કે નિરપવાદ તો નથી જ. અહીં ગાંધી કે ગોવર્ધનરામ સામે આંગળી પણ ના ચીંધાય! મારા પ્રશ્નો એ જ છે. સંસ્કૃતિના આકરગ્રંથમાં 'અસ્પૃશ્યતા' નો ઉલ્લેખ છે? ને શા માટે બલાત્કારી જમાલ? 'હલકું લોહી હવાલદારનું' એ કહેવતમાંની માનસિકતાના જ કારણે ને! કેમ ત્યાં બ્રાહ્મણ કે અન્ય કોઈ નથી ચિત્રાયો? આ બધા દૂધે ધોયેલા અને પેલો મુસ્લિમ એટલે મેલી મથરાવટીનો! સરેરાશ સો કોલ્ડ સવર્ણજાતિના લેખકોમાં આ જ માન્યતાઓ સંઘરાયેલી હોય છે. ગોવર્ધનરામની આટલી ટીકાને કારણે મને 'ગોવર્ધન ચંદ્રક' ન અપાયો, નડિયાદના કોઈ પણ સાહિત્યિક કાર્યક્રમથી ઇરાદાપૂર્વક બહિષ્કૃત રખાયો. ને તેમ છતાં ૧૯૯૫માં ઉપેન્દ્ર પંડ્યાની સ્મૃતિમાં 'સરસ્વતીચંદ્ર' પર વ્યાખ્યાન આપવા પંડ્યા પરિવારે રાજકોટ નોતરેલો. સોળ વર્ષના સમયપટ પર વિસ્તરેલ એ યુગપ્રવર્તક કથાનું જે આચમન મેં મારી સીમિત બુદ્ધિએ કરાવેલું, એમનાં શ્રોતા જયાબહેન શાહ અને મીરાં ભટ્ટ જેવી વ્યક્તિમત્તાઓ પણ હતી જેમની પ્રસન્નતા સ્પર્શી ગયેલી. હું ગોમાત્રિનો નિન્દક હરગીજ નથી.

એ જ રીતે 'ખેમી' જીવતર પર થીંગડું નહીં મારવાની કે એક ભવમાં બે ભવ નહીં કરવાની વાત કરે એ આદરણીય પાઠકસાહેબની માન્યતા. ખેમીના સમાજમાં ત્યારેય અને આજેય 'નાતરા' કરવાની છૂટ છે. કહેવાતા પછાત સમાજોએ વિધવા પુનર્લગ્નની ઉજ્જવળ રીત અપનાવીને ચાર દીવાલોની ભીતર પારાવાર વેદના વેઠતી આવેલી નારીઓ પર ઉપકાર કર્યો છે. એમની જવાની વેડફાતી નહીં. દીયરવટું કરાવીને એ નિરાધાર નારીનું ઘર સાચવી લેવાતું. એટલે તો અમારા સમાજોમાં નારી આત્મહત્યાની ઘટના જવલ્લે જ બની છે. બ્રાહ્મણ વિચારધારા કે સંસ્કૃતિએ અમારી એ પ્રથાને 'નાતરિયાવૈણ્ય' કહીને તિરસ્કારી છે. 'ચાલો સહુ નાતરાં કરીએ' ગાનારો નર્મદ કાંઈ ગાંડો ન હતો!

૧૯૫૫થી માંડી ૧૯૮૭ સુધીમાં કુલ ૩૯ કુંવારી અને વિધવા સગર્ભાઓને હું - આ લખનાર, અંધેરી-મુંબાઈમાંના કુંવારીમાતાઓના આશ્રમમાં મૂકી આવ્યો છું. એ તમામ બલાત્કૃતા હતી. એમાંની ૧૬ બ્રાહ્મણ, ૧૮ પટેલ-કણબી અને બાકીની પાંચેપાંચ ખ્રિસ્તી-કુંવારી કન્યાઓને ઉપરની તમામ વિધવાઓ દીયર, જેઠ, સસરા કે નણદોઈ, ભત્રીજાથી ભ્રષ્ટ થયેલી! આણંદમાં આવેલા અમારા અનાથાશ્રમ મારફત આ થતું. સ્વામીનારાયણ સંતોની ભલામણ ચિઠ્ઠીઓ સુદ્ધાં આવતી. કહો તો નામ-સરનામાં સુદ્ધાં પાઠવું. બાકી માગી-ભીખીને ખાનારાનાં મરણને મહિમામંડિત લેખવામાં 'કલા' નીપજતી હોય તો તે તેમને મુબારક, જેમની એ જ સમજ છે.

પુનઃ દોહરાવું કે, મારાં પુસ્તકોનાં લેખકીય નિવેદનોમાં, ને જરૂર પડી ત્યાં જાહેર વક્તવ્યોમાં મેં આ બાપોકાર કહ્યું છે. કારણ સમજણ આવી ત્યારથી ત્રીસની વય સુધી સ્થૂળ અને પછી સૂક્ષ્મ અસ્પૃશ્યતાના અનુભવો મને થતા રહ્યા છે. વર્ણવું તો ચોપડી ભરાય. ચૂંટણીના પ્રિસાઈડીંગ અધિકારી એવા મને ખાનકૂવા ગામના મુખીએ પરસાળમાં જમવા બેસાડેલો ને બ્રાહ્મણ પટાવાળા સમેતના બાકીનાઓને એના ઘરમાં. એ અંધારી રાતે હું આણંદ ચાલી આવેલો. આવા જાત અનુભવોને કારણે વર્ણાશ્રમ પ્રેરિત હિન્દુ સમાજવ્યવસ્થાની વાજબી ટીકા કરવાનો મને હક હોવા છતાં, મેં એક ધર્મ લેખે, હિંદુ ધર્મની ટીકા નથી કરી. એમાંથી રાજકીય પેદા થયેલા દૂરિતો-દૂષણોને જ ઝાટક્યા છે. એને નજરઅંદાજ કરી ડૉ. યોગેન્દ્ર પારેખ સાહિત્ય સંદર્ભનો મારી સામાજિક વિભાવનાને ગેરવાજબી ટીકા કહેવાનો અધિકાર દાખવી ચૂક્યા છે. દાખવે!

જયંતી નાયીના ત્રણ મુદ્દાઓનો જવાબ મારા વાચક-ભાવક હરીશ મકવાણાની સ્પષ્ટતામાં આવી જ જાય છે. ઉમેરવાનું એટલું જ કે મહાત્મા ગાંધીજીને વર્ણાશ્રમધર્મના આંધળા વકીલ સ્વ. ઈશ્વર પેટલીકરના નિકટસ્થ સાથી સમતામૂલક સમાજરચનાના દૃઢાગ્રહી સ્વ. ડાહ્યાભાઈ નાગરિકે એમના ગ્રંથ 'ભારતીય સંસ્કૃતિ'માં કહ્યા છે. જ્યાં પણ હું કહું ત્યાં આ સંદર્ભનો ઉલ્લેખ કરું જ છું. ગુણવંત શાહ સામે મારો વ્યક્તિગત લેશમાત્ર વાંધો વિરોધ નથી. હું બિટવીન ધ લાઈન નહીં, એમના તાક્યા નિશાન સમજું છું. ''સાધવી પ્રજ્ઞાનું આતંકવાદી પગલું તે 'ટીપું' ને સામે ટન કે સાગર!'' આ શબ્દછળ સામે મારો વિરોધ છે. ટીપે ટીપે જ સાગર ભરાય છે એ કેમ ભૂલાય.

મને સંતોષ એ વાતનો છે કે આખીએ કુરુસભામાં એક વિકર્ણ રૂપે મારા 'ધર્મ'ને સમજનારો ભાઈ હરીશ મકવાણા આ ટાણે મને ફળ્યો!

**- જો.મે.**

## સંઘર્ષ-ક્રીડાવીરનો, કેન્સર સાથે / ઈલા પાઠક

"મારા મનમાં વારંવાર ઊઠતો પ્રશ્ન છે કે કેન્સરની બીમારીથી હું બચી ગયો તેમાં મારું પોતાનું પ્રદાન કેટલું, વિજ્ઞાનનું પ્રદાન કેટલું અને તેમાં કેટલો ચમત્કાર હતો?"

આ પ્રશ્ન લાન્સ આર્મસ્ટ્રોંગના મનમાં ઊઠે છે. ૧૯૯૫થી આ ક્રીડાવીર સાઇક્લીસ્ટ તરીકે પોતાની કારકિર્દી વિકસાવતા હતા ત્યારે ૧૯૯૬ના સપ્ટેમ્બરમાં તેઓ એકાએક કેન્સરનો ભોગ બન્યા હતા. તેમાંથી સાજા થયા પછી વિશ્વના સાઇકલસવારો માટે સૌથી વધુ પડકારરૂપ ગણાતી 'ટુર દ ફ્રાન્સ' નામની યુરોપની સાઇકલ રેસ ૧૯૯૯થી ૨૦૦૫ સુધી સાત વાર તેઓ જીતી ચૂક્યા છે. સાતમી વાર જીત્યા પછી તેમણે જાહેર કરી દીધું હતું કે તેઓ ફરીથી 'ટુર દ ફ્રાન્સ'માં ઊતરશે નહીં હવે કેમ કે તેમની ઉંમર; બત્રીસ વર્ષની થઈ ગઈ હતી. પણ હવે તેમણે જાહેર કર્યું છે કે ૨૦૦૯ની 'ટુર દ ફ્રાન્સ'માં તેઓ ઊતરશે અને નક્કી જ છે કે પોતે જીતશે જ! સહેજે અભિમાનભર્યા લાગે તેવા આ શબ્દો ખરેખર તો તનતોડ મહેનત કરવાના આત્મવિશ્વાસમાંથી ઊભર્યા છે.

કેન્સરનો ભોગ બન્યા ત્યારે તેની સામે ટક્કર ઝીલીને, દર્દ સહેવાના, ફરીથી તેનું આક્રમણ થશે કે તેવી હૃદયવિદારક ચિંતા સેવવાના, તેમાંથી ઊગરતાં જીવન પાછું કેમ કરતાં ગોઠવાશે તેની મથામણ અનુભવતાં પુનઃ સાઈકલ સવારી તરફ વળતાં લાન્સે આત્મચરિત્ર લખ્યું છે : 'ઇટ્સ નોટ ધ બાઇક.' કેન્સરના પોતે કરેલા સામનાની અને તેમાં વિજયી બનીને પોતાનામાં માનવી તરીકે થયેલા પરિવર્તનની વાત તેમને કરવી હતી તેથી સાઇકલ અગત્યની નથી, કેન્સર સાથેનો સંઘર્ષ અગત્યનો છે તેવું જીવનકથાના શીર્ષકમાં સૂચવ્યું છે. કેન્સરગ્રસ્તો તેમજ અન્ય સૌ સાથે એ સંઘર્ષમાં માનવી પોતાને અનુભવે છે અને તેણે પોતે પણ ન જાણેલી ઊંચાઈએ પોતાનામાં પાંગરતી જુએ છે તેવી વાતો વહેંચવી હતી તેથી આ પુસ્તક લખ્યું. પુસ્તકના ઉપાન્ત્ય પ્રકરણમાં પોતાની જીવનદૃષ્ટિ રજૂ કરતાં લાન્સે ઉપર જણાવેલો પ્રશ્ન પૂછ્યો છે. તે કહે છે.

"મારી પાસે આ પ્રશ્નનો ઉત્તર નથી. મને ખબર છે કે લોકો મારી પાસે ઉત્તરની આશા રાખે છે. જો હું પ્રત્યુત્તર આપી શકું તો કેન્સરનો ઈલાજ મળી જાય અને વધુમાં આપણે સૌ આપણા અસ્તિત્વનો અર્થ ઊંડાણપૂર્વક સમજી શકીએ હું ઉદ્દેશપૂર્વકની ઉત્કટતા, પ્રેરણા, આશા, હિંમત અને સલાહને તેમાં ગણાવી શકું પણ જે નથી જાણી શક્યો તે વિશે કંઈ કહી શકું નહીં. અંગત રીતે મને તેવો પ્રયત્ન કરવાની જરૂર નથી લાગતી. જીવતો છું અને રહસ્ય માણું છું તે સાદી વાતે મને સંતોષ છે."

એક હળવી વાત.

રેલમાં એક માણસ સપડાયો છે અને જેમ પાણી વધતાં જાય છે તેમ તે પોતાના મકાનના છાપરા પર ચઢી જાય છે અને કોઈ તેને બચાવે તેની રાહ જુએ છે. ત્યાં મોટરબોટ લઈને એક માણસ આવે છે અને કહે છે : 'આવી જાઓ, હું તમને બચાવીશ.' 'ના, આભાર', છાપરા પર બેઠેલો માણસ કહે છે, 'મારો ઈશ્વર મને બચાવશે.'

પણ રેલના પાણી વધતાં જાય છે. થોડા સમય પછી એક બચાવનું વિમાન ત્યાંથી ઊડે છે અને પાયલોટ દોરડું નાખે છે.

'ના. આભાર', છાપરા પર બેઠેલો માણસ કહે છે, 'મારો ઈશ્વર મને બચાવશે.'

પણ રેલનાં પાણી હજી વધારે વધે છે અને છેવટે છાપરા પર થઈને વહે છે. તે માણસ ડૂબી જાય છે.

તે સ્વર્ગમાં જઈને ઈશ્વરને સામે સવાલ કરે છે. 'મારા નાથ, મને બચાવ્યો કેમ નહીં?' તે વિનયપૂર્વક પૂછે છે.

'અરે મૂર્ખ!' ઈશ્વર કહે, 'મેં તારે માટે એક બોટ મોકલી હતી, એક વિમાન મોકલ્યું હતું.'

મને લાગે છે કે આપણે બધા પેલા છાપરા પર બેઠેલા માણસ જેવા છીએ. બનાવો બને છે, ઘટનાઓ અને સંજોગો ભેગાં આવી મળે છે અને આપણને હંમેશાં તેનો હેતુ સમજાતો નથી કે એવો કોઈ હેતુ છે તેવી ખબર પણ પડતી નથી. પણ આપણને પોતાની જવાબદારી લઈ શકીએ અને હિંમત રાખીએ.

આપણા મૃત્યુના ઓળાને આપણે જુદી જુદી રીતે સમજવા મથીએ છીએ. કેટલાક લોકો તેનું અસ્તિત્વ સ્વીકારતા નથી. કેટલાક લોકો પ્રાર્થના કરે છે. કેટલાક પોતાની જાતને માદક પીણાં લઈને જડ બનાવી દે છે. આ બધાંમાંથી થોડું થોડું કરવાની મને લાલચ થઈ હતી. પણ મને લાગે છે કે આપણી પાસે અપેક્ષા છે કે આપણે સામી છાતીએ તેનો સામનો કરીએ અને ત્યારે હિંમત સિવાય અન્ય કોઈ શસ્ત્રની જરૂર નહીં હોય. હિંમતની વ્યાખ્યા છેઃ ભયનો દઢતાથી, ભય વિના સામનો કરવાની તાકાત આપે છે તે આત્માની શક્તિ.

હકીકત છે કે બાળકોમાં કેન્સરમાંથી સાજા થવાનો દર મોટી ઉંમરની વ્યક્તિઓના દર કરતાં ઊંચો છે અને મને કુતૂહલ થયા કર્યું છે કે તેનું કારણ તેમની કુદરતી સહજ હિંમત હશે. ક્યારેક નાનાં બાળકો મોટી ઉંમરની વ્યક્તિઓ કરતાં કેન્સર સાથે કામ પાડવામાં વધુ સુસજ્જ હોય તેવું લાગ્યું છે. તે બધાં નાનાં કૃતનિશ્ચય પાત્રો છે અને તમારે તેમને ઉત્સાહપ્રેરક વાક્યો કહેવા પડતાં નથી. મોટી ઉંમરનાને ઘણી નિષ્ફળતાઓની જાણ હોય છે, તેઓ વધારે નિરાશ અને ભયભીત હોય છે. બાળકો કહે, 'મારે રમવું છે. ઉતાવળ કરો, મને જલદી સાજો કરો.' તેમને તેટલું જ જોઈએ છે...

જો બાળકોમાં અવરોધો અને ટકાવારીને અવગણવાની શક્તિ હોય તો આપણે સૌ તેમની પાસે શીખી શકીએ. જ્યારે તમે તેને વિશે વિચારો ત્યારે તમારી પાસે આશા રાખવા સિવાય કયો વિકલ્પ છે? આપણી સામે બે વિકલ્પો છે, ઈલાજના અને ઊર્મિના, કાં છોડી દો કાં કચકચાવીને સામનો કરો.

હું જ્યારે સાજો થઈ ગયો ત્યારે મેં ફરીથી ડૉ. નિકોલ્સને પૂછ્યું કે મારા સાજા થવાની શક્યતા કેટલી હતી? 'તમારી હાલત ખરાબ હતી', તેમણે કહ્યું. તેમણે તપાસેલા દર્દીઓમાં મારો કેસ સૌથી ખરાબમાંનો એક હતો. મેં પૂછ્યું, કેટલો બદતર હતો? ૫૦% ખરાબ? તેમણે ડોકું હલાવ્યું. ૨૦% બદતર? તેમણે ફરીથી ડોકું હલાવ્યું. ૧૦% બદતર? તેમણે હજી ડોકું હલાવ્યું. જ્યારે હું ત્રણ ટકા સુધી પહોંચ્યો ત્યારે તે હકારમાં ડોકું ધૂણાવવા લાગ્યા.

ગમે તે થવું શક્ય છે. તમને કહેવાય કે તમે જીવી જાઓ તેવી શક્યતા ૯૦% છે કે ૫૦% છે કે એક ટકો છે, પણ તમારે શ્રદ્ધા રાખવી પડે અને તમારે સામનો કરવો જોઈએ. સામનો કરવો તેનો અર્થ હું એવો કરું છું કે તમારે સઘળી માહિતી મેળવી લેવી જોઈએ. બીજા અભિપ્રાય, ત્રીજા અભિપ્રાય અને ચોથા અભિપ્રાય મેળવવા જોઈએ. તમારા દેહ પર શેનું

આક્રમણ થયું છે તે અને સંભવિત ઈલાજ કયા છે તે સમજવું જોઈએ. કેન્સરની આ બીજી હકીકત છે કે જે દર્દી પાસે માહિતી વધુ છે તે વધુ સશક્ત છે અને તેની લાંબા ગાળા માટે સાજા થવાની શક્યતા વધુ છે.

હું હારી ગયો હોત તો? ફરીથી રોગનો હુમલો થાય અને કેન્સર પાછું દેખા દે તો? તોપણ હું માનું છું કે તે સંઘર્ષમાં મેં કૈંક મેળવ્યું હોત, કેમકે જે સમય મને મળ્યો હોત તેમાં હું વધુ સંપૂર્ણ, સહાનુભૂતિપૂર્ણ અને મેધાવિન્ માનવી બન્યો હોત અને તેથી વધુ જીવંત હોત. એક ક્રીડાવીર તરીકેના કોઈપણ અનુભવ કરતાં વધુ માંદગી દરમિયાન મને સર્વ શંકાઓની પાર એક એવી પ્રતીતિ થઈ છે કે આપણે આપણી જાતને જાણીએ છીએ તેના કરતાં વધુ સારા હોઈએ છીએ. આપણામાં અનુભવેલી નહીં તેવી ઘણી શક્તિઓ હોય છે જે કટોકટીની પળોમાં બહાર આવે છે.

કેન્સર નામના વ્યાધિની વેદના સહેવામાં જો કોઈ હેતુ હોય તો મને લાગે છે કે તે આ છેઃ 'આપણને વધુ સારા બનાવવા માટે તે છે.'

કેન્સર એક પ્રકારનું મૃત્યુ નથી તેવી મારી દૃઢ માન્યતા છે. હું ફરીથી તેની વ્યાખ્યા કરવા માંગું છું. તે જીવનનો એક ભાગ છે. હજી કેન્સરના ઓળા ઓસર્યા ન હતા તેવા સમયગાળામાં એક સાંજે હું કેન્સર પાછું દેખા દેશે કે કેમ તે જાણવા માટે રાહ જોતો હતો ત્યારે મને કેન્સર શબ્દના અક્ષરો પરથી તેનાં લક્ષણો સૂઝ્યાં : કેન્સર Cancerના C પરથી courage -હિંમત, a પરથી attitude -વલણ, n પરથી never giv up - કદી હાર ન માનો, c પરથી curability - ઈલાજ શક્ય છે, e પરથી enlightenment - જાણકારી, r પરથી remembrance of my fellow patients - મારી સાથેનાં દર્દીઓનું સ્મરણ.

અમારી વાતો દરમિયાન મેં એક વાર ડૉ, નિકોલ્સને પૂછ્યું હતું કે તેમણે મુશ્કેલ અને હૃદયવિદારક એવું ઓન્કોલોજી (કેન્સરનું શાસ્ત્ર) કેમ પસંદ કર્યું? 'તમે જે કરો છો તે જે કારણોને લીધે કરો છો તેવાં થોડાં કારણોને લીધે', તેમણે કહ્યું. એક રીતે તેમણે સૂચવ્યું કે રોગોમાં સૌથી વધુ પડકારરૂપ ચિકિત્સા કેન્સરની છે જેમ એક સાઈકલીસ્ટ માટે સૌથી વધુ પડકરરૂપ રેસ ટુર દ ફ્રાન્સ છે.'

કેન્સરનો બોજ અતિભારી છે પણ તેથી વધુ મોટો બીજો કયો પડકાર તમે લઈ શકો છો? તેમણે કહ્યું., આ અત્યંત નિરાશ અને દિલગીર કરી દે તેવો રોગ છે. તેમ છતાં તમે જ્યારે કોઈને સાજા નથી કરી શકતા ત્યારે હંમેશા તેની સહાય કરી શકો છો. તેમની સારવાર તમે સફળતાપૂર્વક નથી કરી શકતા તેવું બને પણ તમે તેમને માંદગી વિશે વ્યવસ્થિત કરી શકો છો. તમે લોકો સાથે જોડાઓ છો. બીજા કોઈપણ ક્ષેત્ર વિશે હું કલ્પી શકું તે કરતાં ઓન્કોલોજીમાં વધુ માનવીય ક્ષણો છે. તમને તેની ટેવ પડી જતી નથી પણ લોકો તેની સામે કેવી રીતે ઝઝૂમે છે અને તેઓ કેવા તાકાતવાળા છે તે જોઈએ ને પ્રશંસા કરવાનું મન થઈ જાય છે.

તમને હજી ખબર નથી પણ આપણે નસીબદાર છીએ. મારા એક કેન્સરના દર્દી સાથીદારે લખ્યું હતું.

કેન્સરે મને ભણાવેલો આ પાઠ હું હંમેશાં મારી સાથે રાખીશ અને મને લાગે છે કે હું કેન્સર કોમ્યુનિટીનો સભ્ય છું. મારી જિંદગીમાં હું પહેલાં કરતાં કૈંક વધુ સારું કરું અને જે આ દર્દનો સામનો કરી રહ્યા છે તે મારા સાથી માનવોને સહાય કરું તેવો મારા પર ઉપકાર છે. આ સાથે ભોગવેલા અનુભવોની કોમ્યુનિટી છે. 'તમને કેન્સર થયું છે.' તેવા શબ્દો જેણે સાંભળ્યા છે અને વિચાર્યું છે કે, 'ઓ ઈશ્વર, હવે હું મરી જઈશ', તે આ કોમ્યુનિટીના સભ્ય છે. તમે જો ક્યારે પણ તેમં જોડાયા તો તમે તેને ક્યારે પણ નહીં છોડો.

**કુક્કુટચંદ્રની રીતિકથા**

## પેલી કહેવતનો... નવો અર્થ! / યોસેફ મૅકવાન

એક ભાઈ પુસ્તકાલયના બાંકડે ઉદાસ બેઠા હતા. ત્યાં પાસેથી કુક્કુટચંદ્ર પસાર થયા. પેલા ભાઈને ઉદાસ-ચિંતાતુર બેઠેલા જોઈને કુતુહલે ભાવે પૂછ્યું, ''કેમ ભાઈ, કોઈ ઊંડી-ચિંતા વેદનામાં છો? હું કંઈ મદદ કરી શકું?''

પેલા ભાઈ કુક્કુટચંદ્રને તાકી રહ્યા. કંઈ બોલ્યા નહીં.

''તમે શાનો બિઝનેસ... આઈ મીન તમે શું કરો છો?'' કુક્કુટચંદ્રે પૂછયું.

''હું શિક્ષક છું!''

''ઓહો... એટલે કે તમે બાળકોની ખેતી કરો છો!''

''ના... ના... ખેતી નહીં... તેમને ભણાવું છું!'' બોલી શિક્ષકે વિચાર્યું... આ કોઈ ગામડિયો લાગે છે! એટલે આમ બોલે છે.

કુક્કુટચંદ્ર એ શિક્ષકને તાકી રહી જરા મલક્યા...

''તમને શક છે?'' પેલો શિક્ષક જુસ્સામાં બોલ્યો, ''હું એમ.એ; બી.એડ્. અને એમ.એડ્. છું... ફર્સ્ટક્લાસ.''

''અહો... આ તો બહુ સારી વાત!''

વિદ્વાનોનાં પુસ્તકો વાંચી એમાંથી પણ જ્ઞાન પીરસું છું!

''તો પછી?''

''તો પછી શું? મને થાય છે આવું ભણાવું છું તોય આ છોકરાં 'માણસ' કેમ થતાં નથી?''

''સાચી વાત તમારી'' કુક્કુટચંદ્ર હળવાશથી બોલ્યા, ''ભાઈ, જે ઊગ્યા વિના ઉગાડવા જાય તેનાથી કશું ના ઊગે!''

સાંભળી પેલા શિક્ષક બોલ્યા, ''શું? કંઈ સમજાણું નહીં!''

કુક્કુટચંદ્ર જતાં જતાં હસીને બોલ્યા, ''એનું નામ શિક્ષણ!''


### અગત્યની સૂચના

'નિરીક્ષક'ના લવાજમ અને રવાનગી વગેરે સહિત વ્યવસ્થાનાં સઘળાં કામો અંગે એમ. ઓ., ચેક, ડ્રાફ્ટ, રજિસ્ટર્ડ પત્ર, જાXખ આદિ સઘળો વ્યવહાર અને પત્રવ્યવહાર અચૂક નીચેના સરનામે જ કરવો

*(ચેક 'નિરીક્ષક પ્રકાશન'ના નામે લખવો)*

**વ્યવસ્થાપક : નિરીક્ષક : સુમનબહેન નીતિનભાઈ શાહ,**
શાર્દૂલ પ્રિન્ટીંગ પ્રેસ : બેઝમેન્ટ - રંભા કોમ્પ્લેક્સ, ગૂજરાત વિદ્યાપીઠ સામે, આશ્રમ રોડ, ઈન્કમટેક્સ, અમદાવાદ -૧૪,
ફોન : ૦૭૯ - ૩૦૦૦ ૧૩૦૬
**shardul_press@rediffmail.com**

તા.ક. મની ઓર્ડર સાથે સંદેશાની જગ્યામાં, લવાજમ મોકલનારે પોતાનું નામ-સરનામું અચૂક લખવું.

તંત્રીજોગ લેખો, વિનિમય સામયિકો, સાભાર - સ્વીકાર - પુસ્તકો વગેરે સામગ્રી આ સરનામે મોકલવી :

**પ્રકાશ ન. શાહ - તંત્રી, નિરીક્ષક** 'પ્રકાશ', નવરંગપુરા પો. ઑ. પાછળ, અમદાવાદ-૩૮૦ ૦૦૯, ફોન : ૦૭૯ - ૨૬૫૬૨૮૦૬.
**prakash.nirikshak@gmail.com**

## ઓબામા-નો ડ્રામા / હરનિશ જાની

૨૦ જાન્યુઆરી ૨૦૦૯ના દિને, અમેરિકાના ચૂંટાયેલ પ્રમુખ ઓબામા વ્હાઈટ હાઉસમાં પ્રવેશ કરશે. જગત આખું એ ક્ષણની રાહ જુએ છે. પરંતુ ઓબામા એ ક્ષણની રાહ નથી જોતા. એમનાં સાસુમા પહેલે દિવસથી પોતાની દીકરી અને જમાઈ સાથે વ્હાઈટ હાઉસમાં રહેવા જવાનાં છે. જમાઈ અને દીકરીને નવા ઘરનો જેટલો આનંદ છે તેથી વધુ સાસુમાને છે! ઓબામા ફેમિલી સાથે જ્યારે નવું ઘર જોવા પહેલી વાર આવ્યા હતા, ત્યારે કારમાંથી કૂદકો મારીને સાસુમા પહેલા ઊતર્યાં હતાં અને વ્હાઈટ હાઉસના પ્રોટોકૉલનો ભાંગરો વાટ્યો હતો. તેમણે જાહેર કરી દીધું છે કે જમાઈ સવારની પહેલી કૉફી તો પોતાના હાથની જ પીએ છે. જમાઈને પોતાના હાથની ઇંડોનેશિયન સ્ટાઈલ બિરિયાની બહુ ભાવે છે અને તે અડધી રાતે પણ તે પ્રેમથી બનાવી શકે. બની શકે કે તેથી તેમણે જમાઈ જોડે વ્હાઈટ હાઉસમાં જ રહેવાનું નક્કી કર્યું હોય.

મને લાગે છે કે બિચારા બારાકને માથે બબ્બે બોસ બેસશે. જગતની ચાવી અમેરિકા લઈને બેઠું છે. અમેરિકાની ચાવી ઓબામા લઈને બેઠા છે. પુરુષની ચાવી હંમેશાં સ્ત્રી પાસે જ હોય છે. ઓબામાની ચાવી એમનાં પત્ની મિશેલ ઓબામા પાસે છે અને માતાજી પાસે દીકરી મિશેલની ચાવી છે. કઈ દીકરી માનાં આંસું જોઈ શકે? એટલે ધાર્યું સાસુમાનું થશે. ટૅકનિકલી ભલે મતદારોએ મત ઓબામાને આપ્યા હોય; પરંતુ ચૂંટ્યા છે સાસુમાને.

ઓબામા લૉયર હતા. પછી સેનેટર થયા ત્યારે તેમના સ્ટાફને નવા બોસ મળ્યા હતા. હવે તે વ્હાઈટ હાઉસના સ્ટાફના બોસ થયા. ઓબામાસાહેબ ભલેને જોઈએ તેટલી નોકરીઓ બદલે; પરંતુ તેમના બોસ તો તેના તે જ છે. એમનાં પત્ની અને પત્નીનાં માતાજી! ઓબામાનું તો બિચારાનું આવી બન્યું છે. સ્ત્રીઓ સાથે આ જીવન સંઘર્ષ કરવાનો છે. ઘરમાં બે દીકરીઓ પણ છે. પુરુષ પત્નીને ખોટું લાગવા દેશે. પરંતુ દીકરીની આંખમાં આંસુ જોઈ ન શકે. બ્રિટનના પ્રાઈમ મિનિસ્ટર કે રશિયાના પ્રમુખ જોડે ભલે ને જોરદાર મિટિંગ પતાવીને વ્હાઈટ હાઉસમાં આવ્યા હોય; તો પણ સાત વરસની સાશા જો ડૅડીને ઘોડો બનાવવા માંગતી હોય તો બારાક સાહેબે બેટીને પીઠ પર બેસાડવી જ પડશે. મને બરાબર યાદ છે, મારી બે દીકરીઓ મને ઘોડો બનાવતી. એક મારી ઉપર બેસતી અને બીજી મને ચાબૂક મારતી. દીકરીઓ તો હવે મોટી થઈ ગઈ છે, પણ પેલી ચાબૂક તો ઘરમાં જ છે અને હવે તે પત્નીના કબજામાં છે.

ચાર્જ છોડતા પહેલાં બુશસાહેબે ઓબામા સાથે બંધબારણે ગુફ્તેગો કરી હતી. મને લાગે છે કે ઓબામાએ બુશસાહેબને તેમના જીવનની ચાર સ્ત્રીઓ વિશે પૂછ્યું હશે. બુશસાહેબને મા હતી, સાસુમા ન હતાં. માને તો પિતા સાથે ટેક્સાસ મોકલી દીધાં, એટલે પત્ની લૉરા બુશ એકલાં પડી ગયાં બુશસાહેબને માટે વિરોધપક્ષ નબળો પડી ગયો. ઓબામાને તો એવા ચાન્સ જ નથી! બુશસાહેબે કહ્યું હશે કે ''બેટમજી, ઇકોનોમીને તો નાથી શકાશે; પણ સાસુમાને નાથવા પ્રયત્ન કરી જોજો!'' બુશસાહેબની યુવાન દીકરીઓએ બાપને નવ નેજાં પાણી ઉતરાવ્યાં હતાં. તેમના વ્હાઈટ હાઉસના નિવાસ દરમિયાન તેમની દીકરીઓ જેના અને બાર્બરાને, દારૂ પીને નાઈટ ક્લબમાં ધમાલ મચાવવા માટે પોલીસે લૉક-અપ કરી હતી. બુશસાહેબને જીવનમાં પહેલી વાર થયું હશે કે અમેરિકા કરતાં ભારતનો પ્રમુખ હોત તો સારું થાત મારા કૂતરાને પણ પોલીસ હાથ ન લગાડી શકત. અરે, ભારતના ગવર્નમેન્ટના કોઈ પણ ખાતામા હોત તોપણ મારી દીકરીઓ સામે કોઈ પોલીસ આંખ ન ઉઠાવી શકત. આ તો સાલુ, આપણે અમેરિકામાં ફસાયા છીએ! ઓબામાની દીકરીઓ બીજાં આઠ વરસમાં 'પીવા' માટેની કાયદેસર ઉંમરે પહોંચવાની નથી. પરંતુ હવે તેમની જીદ કૂતરા પાળવા માટેની છે તેમાં નાની દીકરી શાસાને કૂતરાની એલર્જી છે. સામાન્ય રીતે બાળકો જીદ કરીને ઘરમાં કૂતરું કે બિલાડું પાળે છે અને પછી માબાપ પણ એ પ્રાણીની તહેનાતમાં લાગી જાય છે. બુશસાહેબે પોતાના અનુભવ ઉપરથી સલાહ આપી છે કે કૂતરું નાનું લાવજો જેથી વ્હાઈટ હાઉસની કાર્પેટ વધુ ન બગડે. બુશસાહેબે જેટલું ધ્યાન પોતાના કૂતરામાં આપ્યું હતું તેટલું ધ્યાન ઇકોનોમી તરફ આપ્યું હોત તો એમની પાર્ટીને હારવાનો વારો ન આવ્યો હોય અને ઓબામા વ્હાઈટહાઉસમાં ન હોત. જગતને એમ છે કે ઓબામા એ એક મૅજિશિયનનું નામ છે. એ વ્હાઈટહાઉસમાં પગ મૂકશે કે જગતમાં રામરાજ્ય આવી જશે રામની સાથે સાસુ હોત તો રામરાજ્યની કથા જુદી જ હોત. કદાચ રામની જગ્યાએ સાસુમાએ જ રાવણનો ભુક્કો બોલાવ્યો હોત.

ઓબામાને બીજી પણ મુસીબત છે. તે મિડલ ઈસ્ટની કે અફઘાનિસ્તાનની નહીં, પરંતુ તેમની કુટેવની. ઓબામાસાહેબને સિગારેટ પીવાની કુટેવ છે. એ એમણે છોડવી પડશે. નહીં તો પછી તેઓ વ્હાઈટહાઉસના રોઝ ગાર્ડનમાં હાથમાં સિગારેટ સાથે આંટા મારતા જોવા મળશે; કારણ કે હાઉસમાં તો સિગારેટ પીવાની મનાઈ છે! વ્હાઈટ હાઉસ 'નો સ્મોક ઝોન' છે. બિલ ક્લિંટનને સિગારનો શોખ હતો. ઓવલ ઑફિસમાં રાખતા તે વાત તો મોનિકાબહેને બહાર પાડી ત્યારે લોકોને ખબર પડી! હા, બારાક ઓબામાસાહેબે એક વાત ચોક્કસ યાદ રાખવી પડશે. આતંકવાદી હુમલા કરતાં પણ મોટો હુમલો, પત્ની-સાસુમા અને બે દીકરીઓ તરફથી થશે, જો મોનિકા જેવું કોઈ પ્રાણી ઓવલ ઑફિસમાં પ્રવેશશે તો...

લખ્યા તા. ૧-૧-૨૦૦૯, લેખકના આગામી હાસ્ય નિબંધો 'સુશીલા'માંથી

### વાચકો લખે છે

**દિનુભાઈ દવે, ૪૪, શારદાનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૭ :**

ડૉક્ટર કાર્ડિયોગ્રામ લીધા પછી કહે કે સારો છે, તો માની ન શકાય કે હૃદયનો હુમલો બે મિનિટ પછી નહીં આવે. કાર્ડિયોગ્રામ ખરાબ હોય તો નક્કી વાત છે તે હૃદયમાં તકલીફ છે. ચિત્રલેખામાં ''કાર્ડિયોગ્રામ'' (એક ગ્રામ સામે એક ટન - સાધ્વી પ્રજ્ઞાના 'હિંદુ આતંકવાદ' અને અન્ય (ઇસ્લામી) આતંકવાદના સંદર્ભમાં) વાંચીને વિચાર આવ્યો કે આ કાર્ડિયોગ્રામને ખરાબ ગણવો કે સારો? કોઈ નામાંકિત સાહિત્યકાર જ્યારે ત્રાજવાં અને કાટલાં લઈને બેસે ત્યારે તો આશ્ચર્ય થાય, આવા મોટા ગજાના સાહિત્યકાર ટન અને ગ્રામની ગણતરી કરે તો મેળ ક્યાંથી બેસે? ૧ ગ્રામ દહીં જ એક ટન દૂધને દહીંમાં ફેરવવા સમર્થ છે.

યુધિષ્ઠિરે એક ટન સત્ય સાચવ્યું પણ ''નરો વા કુંજરો વા'' કહીને એક ગ્રામ અસત્ય ઉચ્ચાર્યું. યુધિષ્ઠિરે ''નરો વા કુંજરો વા કહ્યું'' એટલે યુદ્ધમાં અસ્થિર થયા પછી સ્થિર યુધિષ્ઠિર ન જ કહી શકાય.

આમ, ગ્રામ અને ટનના હિસાબ બેસતા નથી.

## 'બ્રિટનનો ગુજરાતી ડાયસ્પોરા' / ક્ષમા કટારિયા

વિદેશમાં વસતા ગુજરાતીઓની હલચલ-પ્રવૃત્તિઓ-પ્રયાસોના ખબરઅંતર આપણા સુધી કોઈક ને કોઈક પ્રકારે પહોંચતા રહે છે. તેમાં પણ 'ઓપિનિયન' અને 'ગુજરાતી લેક્સિકોન.કોમ' જેવા મહાપ્રયાસો તેમના બુલંદ યોગદાનથી ગુજરાતી ડાયસ્પોરાની હાજરી વર્તાવે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી આ ગુજરાતી ડાયસ્પોરા પોતાની વાત લઈને આપણી પાસે આવી રહ્યો છે. એના જ ભાગરૂપે આ વર્ષે બ્રિટનસ્થિત 'ગુજરાતી સાહિત્ય અકાદમી', 'ઓપિનિયન' અને 'ગુજરાતી લેક્સિકોન.કોમ'ના સંયુક્ત ઉપક્રમે અમદાવાદમાં તા. ૧૦ જાન્યુઆરીએ ગૂજરાત વિદ્યાપીઠના નવા સભાગૃહમાં 'બ્રિટનમાં ગુજરાતી ડાયસ્પોરા : દિશા અને દશા' વિષય પર અડધા દિવસનો પરિસંવાદ ગોઠવવામાં આવ્યો હતો. વળી ડાયસ્પોરાની પ્રવૃત્તિને વાંચતી કરવાના હેતુ વિષયને અનુરૂપ એવાં બે પુસ્તકોના વિમોચનનો કાર્યક્રમ પણ સાથે વણી લેવામાં આવ્યો હતો.

આ પ્રસંગે બ્રિટનના ગુજરાતી ડાયસ્પોરાના પ્રતિનિધિઓ કહેવાય તેવા શ્રી વિપુલભાઈ કલ્યાણી (ઑપિનિયન તથા ગુજરાતી સાહિત્ય અકાદમી), શ્રી રતિલાલ ચંદરયા (ચંદરયા ફાઉન્ડેશન), શ્રીમતી ભદ્રાબહેન વડગામા (પ્રમુખ - ગુજરાતી સાહિત્ય અકાદમી), દાઉદભાઈ ઘાંચી તથા ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી સુદર્શન આયંગાર, વિશ્વ ગુજરાતી સમાજના પ્રમુખ શ્રી કૃષ્ણકાંત વખારિયા, ગુજરાત ઇતિહાસ પરિષદના પ્રમુખ ડૉ. મંગુભાઈ પટેલ, સમાજસેવિકા પ્રો.ઇલા પાઠક, ઇતિહાસવિદ્ દંપતી - ડૉ. શિરીન મહેતા અને. પ્રો. મકરન્દ મહેતા અને શ્રી રઘુવીર ચૌધરી મુખ્ય વક્તા તરીકે હાજર રહ્યા હતા. તો શ્રોતા તરીકે બ્રિટનથી આવેલા પચાસેક ડાયસ્પોરિકો તથા બીજા લગભગ તેટલા જ સ્થાનિક લોકો સાથે શ્રી નારાયણભાઈ દેસાઈ પણ સહભાગી બન્યા હતા. કાર્યક્રમના સંચાલનનો દોર શ્રી વિપુલભાઈ કલ્યાણીએ સંભાળ્યો હતો.

ગૂજરાત વિદ્યાપીઠના કહી શકાય તેવા ગણવેશમાં સજ્જ વિપુલભાઈ કલ્યાણીએ બ્રિટનસ્થિત ગુજરાતી સાહિત્ય અકાદમીની વાતથી વિષયની માંડણી કરી હતી. '૧૨ ફેબ્રુઆરી, ૧૯૭૭ના સ્થપાયેલી અકાદમી ચોથા દસકામાં પ્રવેશી રહી છે. સૈકાઓથી ગુજરાતી પ્રજા જાણે તેનો લાંબો દરિયાકિનારો તેને પડકારતો હોય તેમ દરિયાગમન કરતી રહી છે. અને આ દરિયાપાર વસેલા ડાયસ્પોરાના મિત્રોએ વારસાના વતન માટે કોઈ પણ એમ.ઓ.યુ. વગર ઘણું ઘણું કર્યું છે - તેમના આ પ્રયાસોની ઇતિહાસમાં કોઈ નોંધ નથી લેવાઈ, જે લેવાવી ઘટે.' તેમની ટૂંકી પૂર્વભૂમિકા પછી પરિસંવાદની શરૂઆત કરતાં પહેલાં જાણીતા સાહિત્યકાર અને ગુજરાતી સાહિત્ય પરિષદના પૂર્વપ્રમુખ શ્રી રઘુવીરભાઈ ચૌધરીના હસ્તે બે પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું. પ્રથમ પુસ્તક હતું ઇતિહાસવિદ્ દંપતી ડૉ. શિરીન મહેતા અને પ્રા. મકરન્દ મહેતા કૃત 'બ્રિટનમાં ગુજરાતી ડાયસ્પોરા : ઐતિહાસિક અને સાંપ્રત પ્રવાહો'. (પ્રકાશક : વિશ્વ ગુજરાતી સમાજ, મણિપ્રભુ, નવરંગ સ્કૂલ છ રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦૦૧૪; વિક્રેતા : રંગદ્વાર યુનિ. પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯, પૃ. ૧૬+૩૪૨; કિં. રૂ. ૨૨૦) આ પુસ્તક અંગે માહિતી સંશોધન માટે શિરીનબહેન અને મકરન્દભાઈએ લગભગ ત્રણેક મહિના લંડનમાં રહીને મહેનત કરી હતી અને તેમને તમામ પ્રકારનો ટેકો આપ્યો હતો 'ઓપિનિયન'- 'ચંદરયા ફાઉન્ડેશન'- 'ગુજરાતી સાહિત્ય અકાદમી'એ. બંને લેખકોએ પોતે તો માત્ર નિમિત્ત હોવાનું અને ખરેખરા ઇતિહાસના રચયિતાઓ તો અત્યારે અહીં મંચ પર અને શ્રોતાગણમાં બેઠેલા હોવાનું કહી આભાર વ્યક્ત કર્યો હતો. નાત-જાત-ધર્મ-કોમથી નિરપેક્ષ રહી, ગુજરાતી મુસ્લિમો સુદ્ધાંનાં કેસ સ્ટડી વણી લેતું આ પ્રકારનું આ કદાચ પહેલું પુસ્તક હશે.

આ પ્રસંગે બીજા જે એક પુસ્તકનું વિમોચન થયું તે હતું 'વાર્તાની છાજલી.' ઑપિનિયનના અંકોમાં છપાયેલી વાર્તાઓમાંથી ચૂંટેલી ૩૨ વાર્તાઓનો સંગ્રહ. વલ્લભભાઈ નાંઢા, રમણભાઈ પટેલ અને ઉપેન્દ્ર ગોરે તેનું સંપાદન કર્યું છે. (પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર, રતનપોળ નાકા સામે, ગાંધીરોડ, અમદાવાદ ૩૮૦૦૦૧; પૃ. ૧૬+૨૩૩; કિં. રૂ. ૧૭૫)

આ પ્રસંગે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી સુદર્શન આયંગારે ગુજરાતી ડાયસ્પોરાના જૂના સભ્ય ગણાય એવા મોહનદાસ ગાંધીને યાદ કરીને તેમણે મૂકેલી સ્વસ્થ અને જીવનદર્શક મૂડીને અનુસરવા - અપનાવવાની વાત મૂકી હતી. 'ભવિષ્યની પેઢી પાસે ફક્ત ગૌરવવંતો ઇતિહાસ નહીં, પરંતુ પૂરતી છણાવટ આપતો હોય તેવો ઐતિહાસિક દસ્તાવેજ હોવો ઘટે' એવું કહીને તેમણે ડાયસ્પોરાના ઐતિહાસિક અને સાંપ્રત પ્રવાહોના લેખનને બિરદાવ્યું હતું અને શુભકામનાઓ પાઠવી હતી. વળી સૌની સ્વાગતવિધિ જેમણે કરી તે વિપુલભાઈ કલ્યાણીનું સ્વાગત કરવું રહી ન જાય તે ધ્યાનમાં રાખી સુદર્શન આયંગારે વિપુલભાઈનું પણ નાના ગુચ્છથી સ્વાગત કર્યું હતું.

ત્યાર બાદ પોતાના વ્યવસાયને લઈને લાંબું વક્તવ્ય માત્ર અંગ્રેજીમાં (હાઈકોર્ટમાં માત્ર અંગ્રેજી ભાષા જ માન્ય હોવાથી) અને તે પણ સવેતન જ કરવા ટેવાયેલા જાણીતા ધારાશાસ્ત્રી તથા વિશ્વ ગુજરાતી સમાજના પ્રમુખ શ્રી કૃષ્ણકાંત વખારિયાએ નવા પરિવર્તનની ગતિ સાથે ઊભા થનારા પ્રશ્નો માટે - ભાષાની તેમજ સમાજજીવનની દૃષ્ટિએ - ડાયસ્પોરાએ તેમ જ સ્થાનિક ગુજરાતવાસીઓએ તૈયાર થવાની બાબત વિશે ચર્ચા કરી. 'માતૃભાષા પર પ્રેમ હોવો જોઈએ તે ખરું પરંતુ છેવટે ભાષાની ઉપયોગિતા પર જ પૂરો આધાર રહે છે. ભાષા કેટલું જીવશે તેનો માપદંડ માત્ર તેની ઉપયોગિતા જ છે. આપણા ન હોય તેવા બીજા કેટલાય ઉત્સવો આપણે ઉજવતા થઈ ગયા છીએ ત્યારે ભાષાની દૃષ્ટિએ - સમાજજીવનની દૃષ્ટિએ નવા નવા પ્રશ્નો ઊભા થશે જ અને એના માટે આપણે આ બધાનો સમન્વય કરીને જ આગળ વધવું પડશે.'

સમગ્ર વિશ્વમાં બેથી અઢી કરોડ ભારતીયો જુદે જુદે ઠેકાણે જઈને વસ્યા છે, તેમાંથી ૩૦થી ૪૦ લાખ જેટલા તો માત્ર ગુજરાતીઓ જ છે. આટલી મોટી સંખ્યામાં જ આ વિષયને વધુ અગત્યનો બનાવે છે. સહકારની ભાવના વધે તો બ્રિટનની જેમ ફિજીમાં ગુજરાતી ડાયસ્પોરા, કેનેડામાં ગુજરાતી ડાયસ્પોરા - એમ કેટલાય ડાયસ્પોરા અભ્યાસો થઈ શકે, એવો મત પ્રો. મકરન્દ મહેતાએ રજૂ કર્યો હતો.

ત્યારબાદ વિપુલભાઈએ ૮૪ વર્ષના યુવાન શ્રી રતિલાલ ચંદરયાને પોતાનું વક્તવ્ય રજૂ કરવા આમંત્ર્યા હતા. રતિલાલભાઈએ ખૂબ નિખાલસતાપૂર્વક પોતાની વાત કરી - 'હું આફ્રિકામાં જન્મ્યો.

ઇતિહાસકારોએ અમને ‘કુલી’ તરીકે ઓળખાણ આપી. જ્યાં જઈએ ત્યાં અમને ‘કુલી’- ‘મજૂર’ બ્લડી ઇન્ડિયન્સ, બ્લેક તરીકે સંબોધન થતું - મેં એ જાતે અનુભવ્યું છે. પછીથી એક વાર મને વિપુલભાઈએ ‘ગુજરાતીપણાની શોધમાં’ નામનું પુસ્તક આપ્યું. એ પુસ્તક વાંચ્યા પછી પહેલીવાર મને થયું કે શાબાશ, તું ગુજરાતી છે! રતિલાલભાઈએ પોતાની માન્યતા પણ મક્કમપણે કહી- ‘અહીં ક્યાંક બોલાયું કે ગુજરાતી ભૂલાઈ ગઈ છે - એ હકીકત સત્ય નથી. ૨૦ લાખ લોકોએ ગુજરાતી લેક્સિકોનની સાઈટ જોઈ છે એ પુરાવો છે કે લોકોને ભાષા માટે લગની છે, પ્રેમ છે.’ રતિલાલભાઈએ વિશ્વમાં જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે તેમના માટે આવું પુસ્તક લખાય તેવી શુભેચ્છા પ્રગટ કરી હતી.

આટલું વાતાવરણ બંધાયા બાદ વિપુલભાઈએ વિધિવત રીતે ‘બ્રિટનમાં ગુજરાતી ડાયસ્પોરા - દિશા અને દશા’ પરિસંવાદની શરૂઆત કરી હતી. પરિસંવાદના સૌથી પહેલા વક્તા હતા ભદ્રાબહેન વડગામા. તેઓ ઊંડા અભ્યાસુ છે, બ્રિટન સ્થિત ગુજરાતી સાહિત્ય અકાદમીના પ્રમુખ છે તથા વ્યવસાયે ગ્રંથપાલનું કાર્ય કરે છે. તેમણે વિગતવાર ઐતિહાસિક વિગતો ટાંકીને જુદા જુદા ક્ષેત્રે બ્રિટનમાં ગુજરાતીઓએ મેળવેલી સિદ્ધિઓની વાત કરી - રમતગમત સિવાય બીજું એક પણ એવું ક્ષેત્ર નથી જ્યાં ગુજરાતીઓએ કંઈક નોંધનીય ન કર્યું હોય! તેમણે ગુજરાતીઓએ કરેલા સંઘર્ષની વાત પણ કરી અને છેલ્લે ‘તળ ગુજરાતી કરતાં અમારો ડાયસ્પોરિક ગુજરાતી લાંબા સમય સુધી ગુજરાતી બોલશે, વાંચશે, લખશે, સાંભળશે અને જીવશે’ તેવો બુલંદ વિશ્વાસ વ્યક્ત કર્યો.

એ પછીના વક્તા ‘અવાજ’નાં ઇલાબહેન પાઠકે પોતાની વાંકદેખી નજરનો હવાલો આપતાં પહેલાં જ સ્પષ્ટ કહી દીધું કે અત્યાર સુધી કહેવાયું છે તેનાથી કંઈક અલગ તેઓ કહેવા ધારે છે. તેમણે ડાયસ્પોરાની દશાને બ્રિટનમાં ગુજરાતી બહેનોની સ્થિતિના સંદર્ભે મૂલવી હતી. અલબત્ત તેમણે ડાયસ્પોરાની સારી અને નરસી બંને બાબતોની ચર્ચા કરી હતી. ડાયસ્પોરાની સારી બાબતો ગણાવતાં તેમણે કહ્યું હતું - (૧) પરદેશમાં વસતા ગુજરાતીઓ બાળલગ્નો નથી કરાવતાં. (૨) પરદેશમાં છોકરીઓને ભણાવાય છે. અમુક-તમુક કે ગણતરીની સ્ત્રીઓની સિદ્ધિની નહીં પરંતુ મોટા ભાગની સ્ત્રીઓની સ્થિતિ પરથી જ ડાયસ્પોરા સાચી દિશાનો અંદાજ કાઢી શકે. બ્રિટનમાં ગુજરાતી ડાયસ્પોરાનો આડો છેદ લેવામાં આવે તો ત્યાં લગ્ન માટે હજી પણ નાત-જાત-ગામ જોવાય છે, બાળક હોય તો જ સ્ત્રીનો અવતાર સાર્થક અને દરેક સ્ત્રીએ ધણીના કહ્યામાં તો રહેવું જ પડે ને - એવું માનવામાં આવે છે. પ્રવૃત્તિઓ-સાધનો-સગવડો બદલાયાં છે પરંતુ હજુ પણ સ્ત્રીઓ પાસે પોતાના માટે સમય નથી - તેમનું એ માનસ બદલાય તેવું કોઈ વાતાવરણ સમાજ તરફથી પૂરું પડાયું નથી. પોતાની વાતના લંડનની મુલાકાત વખતના દાખલાઓ ટાંકીને ઇલાબહેને તેમાં સંશયને કોઈ સ્થાન રહેવા દીધું નહીં.

ઇલાબહેને સ્ત્રીઓનાં દુઃખોના સંદર્ભે ડાયાસ્પોરાને મૂલવ્યો તો તેમના પછી આવેલા વક્તા અને લેખક દાઉદભાઈ ઘાંચીએ કોઈ મજબૂરીથી નહીં પણ ઇરાદાપૂર્વક ડાયસ્પોરાનો ભાગ બનવા આવી રહેલા યુવાનો વિશે વાત કરી. પહેલાં અર્થોપાર્જન માટે અને આફ્રિકામાંથી તો ઈદી અમીનના ત્રાસના કારણે બ્રિટનમાં આવીને પોતાનો રસ્તો કાઢનારા ગુજરાતી ડાયસ્પોરાની એ પેઢી વિદાય લઈ રહી છે અને નવા જોમ, તરવરાટ અને ત્યાંની સંસ્કૃતિમાં ભળી જવાના ઉત્સાહ સાથે ઇમિગ્રેશન કરી રહેલા નવયુવાનોની પેઢી આવી રહી છે.

‘બ્રિટનમાં ગુજરાતી ડાયસ્પોરા : ઐતિહાસિક અને સાંપ્રત પ્રવાહો’ના લેખક-દંપતીમાંથી શિરીનબહેન મહેતાએ ૧૯૬૦ પછીના દ્વિતીય સ્થળાંતરની વિગતવાર વાત કરી. આફ્રિકામાંથી બ્રિટનમાં સ્થળાંતરિત થયેલા ગુજરાતી પરિવારો અને તેમાં પણ વિશેષપણે સ્ત્રીઓના સંઘર્ષોની સામાન્ય રીતે બહુ નહીં જાણીતી એવી વાત પણ તેમણે ઉદાહરણ સાથે કરી. જેમ કે ત્યારે ખૂબ કડક બનાવી દેવાયેલા બ્રિટિશ કાયદા અનુસાર માત્ર મેઈન પાસપોર્ટ હોલ્ડરને અને તેનાં ૧૬ વર્ષથી નાનાં બાળકોને જ બ્રિટનમાં પ્રવેશ આપવામાં આવતો. એ અરસામાં યુગાન્ડાથી કેટલીય સ્ત્રી આ રીતે પોતાનાં બાળકો સાથે બ્રિટનમાં પ્રવેશ મેળવતી પણ પછી સંઘર્ષોનો એક આખો મહાસાગર તેણે પાર કરવાનો રહેતો. જુદી ભાષા, કાયદા વચ્ચે ઘર શોધવાથી માંડીને આજીવિકા રળવા સુધીનો. અલબત્ત ત્યારે ત્યાં જ રહેતા કેટલાય ગુજરાતી પરિવારોએ દાખવેલી સજ્જનતા અને મદદની પણ તેમણે વાત કરી.

પ્રા. મકરન્દભાઈ મહેતાએ લાગણી-સંઘર્ષો - વતન માટે ઝુરાપાથી અલગ હટીને બ્રિટનના ગુજરાતી ડાયસ્પોરામાંથી ગુજરાતે શીખવા જેવી બાબત તરફ અંગુલિનિર્દેશ કર્યો, “જેમ સ્ત્રીઓ સંદર્ભે અલગથી વાત થઈ તેમ દલિતની વાત પણ અલગથી કરવી જોઈએ. આપણા દલિત-કોળી-મોચી વગેરેએ ત્યાં જઈને વ્યાવસાયિક અને અન્ય શિક્ષણ મેળવીને ઘણી સારી સ્થિતિ પ્રાપ્ત કરી છે. આમ જોઈએ તો બ્રિટન એક તરફ સુધારાવાદી છે અને બીજી તરફ ત્યાં પણ ઉગ્ર રંગ/વંશીય ભેદભાવો છે. છતાં ત્યાં કંઈક એવું મલ્ટિકલ્ચર છે જ્યાં આવું શક્ય બની શક્યું. ગુજરાત આ મલ્ટિકલ્ચરમાંથી શીખી શકે.”

આમ આ પરિસંવાદમાં ‘ડાયસ્પોરા’ શબ્દનો ઉપયોગ કરવા - ન કરવાથી માંડીને જન્મના કારણે મળતા બ્રિટિશ નાગરિક હક માટે સ્પષ્ટપણે ન બંધાતી બ્રિટિશ સરકારને કારણે ઊભી થતી અસલામતી જેવા ગંભીર મુદ્દાઓ, ગુજરાતી ડાયસ્પોરાને અને તમામ ગુજરાતીઓને હરખ થાય તેવી સિદ્ધિઓ-પ્રયાસો અને ક્યાંક ક્યાંક આત્મનિરીક્ષણ કરવાની તક આપતા અનેક મુદ્દાઓ વિશે કવિતાઓ અને ગઝલોની ઉક્તિઓ સંગાથે ચર્ચા થઈ. બ્રિટનના ગુજરાતી ડાયસ્પોરાની વાત ઠીક ઠીક પહોંચી અને ગુજરાતી ડાયસ્પોરાને પણ કંઈક ભાથું મળ્યું.

વિપુલભાઈ કલ્યાણીએ શ્રોતાગણથી માંડીને ગૂજરાત વિદ્યાપીઠ, વિદ્યાપીઠના કુલનાયક, અને રજિસ્ટ્રાર, લેક્સિકોન ટીમ અને ચંદરયા ફાઉન્ડેશન એમ તમામનો આભાર માન્યો અને ગુજરાત ઇતિહાસ પરિષદના પ્રમુખ મંગુભાઈ પટેલે ‘અહીંથી જ્યાં સુધી તમામ સંતો-મહંતો-ઓલિયાઓ બ્રિટનમાં નહીં ચાલ્યા જાય ત્યાં સુધી બ્રિટનના ગુજરાતી ડાયસ્પોરાને કોઈ વાંધો આવવાનો નથી!’ એવા હળવા ગંભીર વ્યંગથી સમાપનવિધિ કરી. તેમણે ટાંકેલી કાવ્યપંક્તિઓ પૈકી એક હતી ખયામે રચેલી પંક્તિઓ -

**અમે ગુજરાતનું નામ રોશન કરી લઈશું,**
**હોઇશું જ્યાં ત્યાં ગુજરાતનું સર્જન કરી લઈશું.**

## અફ્જલ ગુરુને ફાંસી / અંબાલાલ ઉપાધ્યાય

૧૩, ડિસેમ્બર ૨૦૦૮ના રોજ ભારતીય સંસદ પરનો આતંકવાદી હુમલો માત્ર સંસદ પરનો હુમલો ન હતો, પરંતુ ભારતીય લોકતંત્ર પરનો હુમલો હતો. વિશ્વમાં બીજા નંબરની સવા અબજની વસ્તી ધરાવતા રાષ્ટ્રના ચૂંટાયેલા ૫૪૨ લોકસભા સભ્યોના પ્રતિનિધિત્વ કરતા જન-મંદિર પરનો એ હુમલો હતો; અનેક ધર્મો, ભાષા, બોલી અને પહેરવેશની વિવિધતા ધરાવતા રાષ્ટ્ર પરનો એ હુમલો હતો. સામાજિક ન્યાય, બિનસાંપ્રદાયિકતા, લોકતંત્ર અને નાગરિક સ્વાતંત્ર્યના આદર્શો ધરાવતા બંધારણ પરનો હુમલો હતો અને દેશની એકતા, અખંડિતતા અને સાર્વભૌમત્વ પરનો હુમલો હતો, આતંકવાદી આક્રમણખોરના પાશવી, અમાનુષી, ઘાતકી અને દેશદ્રોહી કૃત્યને સહેજ પણ હળવાશથી જોઈ શકાય નહીં જ. આતંકી હુમલામાં જીવતા પકડાયેલ અફ્જલ ગુરુને સુપ્રીમકોર્ટે ફાંસી સજાની મંજૂરી આપી દીધી છે.

તા. ૨૧-૫-૯૧ના રોજ પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી પર શ્રીલંકા તામિલ વ્યાઘ્રો એલટીટીઈની કાર્યકર ધનુએ જીવતા બૉંબ બની આતંકી હુમલો કરી તેમના અંગના ચૂરે ચૂરા કરી હવામાં ૨૦ ફૂટ સુધી ઉછાળી છૂટાં છવાયાં પાથરી દીધા હતાં. તેમનાં પત્ની સોનિયા ગાંધીએ દિલ પર પથ્થર મૂકી, જીભ પર લગામ લગાવી વ્યાકુળતાથી તે એકત્રિત કર્યા હતાં. પકડાયેલા આરોપી પૈકી જેને સુપ્રીમકૉર્ટે ફાંસીની સજા કરી છે તે પણ જેલની કાળી કોટડીમાં છે.

યુવાન વડા પ્રધાન રાજીવ ગાંધીએ દેશને ટેકનોલોજી અને વિજ્ઞાન ક્ષેત્રે નવો યુગ આપી ધમધમતો કરવા આપેલું યોગદાન અને ૧૮ વર્ષના યુવક યુવતીઓને મતાધિકાર આપી લોકતંત્રના ભાગીદાર બનાવ્યા છે તે સિદ્ધિ આજે પણ યાદગાર છે.

બંને કિસ્સાઓમાં વડા પ્રધાન પરના અને સંસદ પરના હુમલાના આરોપીઓને ફાંસીની સુપ્રીમ કોર્ટે સજા કરી છે. બંનેની રાષ્ટ્રપતિ પાસેની દયાની અરજી નિર્ણય ઉપર પડેલી છે. વડા પ્રધાન રાજીવ ગાંધીના હુમલાખોર પછી ૧૮ વર્ષે સંસદ પરના હુમલાખોરને ફાંસીની સજા થયેલી છે. બંને આરોપીઓ ફાંસીની કાળી કોટડીમાં બંધક છે. ફાંસીની ખોલી નાની, જાળી વગરની, અંદર જ જમવાનું, સૂવાનું, નાહવાનું, પેશાબ કરવાનું, પાણી પીવાનું, બધું જ અંદર.

ફાંસીની સજા પામેલા આરોપીઓ ફાંસીની સતત લટકતી તલવારના ભયથી માનસિક રીતે રીબામણીમાં સમય કાઢતા હોય છે. જલદી ફાંસી મળે તે માટે આતુર હોય છે.

વડાપ્રધાન પરના હુમલામાં ફાંસી પામેલાને ફાંસી આપવાનો મુદ્દો એકપણ વખત અડવાણી કે નરેન્દ્ર મોદીએ ઉચ્ચાર્યો નથી. પરંતુ અફ્જલ ગુરુની ફાંસી માટે ચૂંટણી સભાઓમાં જોરશોરથી ઢોલ વગાડી મતદારોને ઉશ્કેરી મતો ખંખેરવા દેશભરમાં પ્રયાસો કર્યા છે. તેમના કહેવા મુજબ મુસ્લિમ મતો મેળવવા અફ્જલ ગુરુને ફાંસી અપાતી નથી : આ હકીકત ભ્રામક અને હિન્દુ મતો ખંખેરવાની દાનતવાળી છે.

બંને કિસ્સાઓમાં ગુનાઈત કૃત્યના આરોપીઓને કોર્ટે ફાંસીની સજા ફરમાવી. એમણે કરેલાં ગુનાઈત કૃત્યના પુરાવાઓથી કોર્ટે ચુકાદો આપ્યો. પરંતુ બંને કિસ્સાઓમાં ગુનાખોરીના કાવતરાના મૂળ સુધી હજુ પહોંચી શકાયું નથી. રાજીવ ગાંધીની હત્યામાં શ્રીલંકામાં લશ્કર મોકલવાની દખલગીરી કારણભૂત બની પણ તેમાંય અન્ય સંડોવણીની બાબત હજુ વણઉકેલાયેલી છે. તે વખતે પણ બહુ ગવાયેલા તાંત્રિક ચંદ્રાસ્વામીનું નામ શંકાના દાયરામાં ચર્ચાની એરણ ઉપર આવ્યું હતું. સંસદ પરના હુમલામાં ગુનાખોરીનું મૂળ હજુ વણઉકેલાયેલું રહ્યું છે. અફ્જલ ગુરુ જીવતો પકડાયો છે તે બાબત ગુનાખોરીના મૂળ સુધી જવા સુવર્ણ તક છે. તે તકનો છેવટ સુધી ઉપયોગ કરવો તે રાષ્ટ્રીય હિતમાં છે.

બંને કિસ્સાઓના આરોપીઓને ભલે ફાંસી મોડી અપાય પણ શક્ય તેટલા વધારે જ ફાંસીની કાળી કોટડીમાં જીવતા રાખી ગુનાખોરીનાં મૂળિયાં સુધી જવા સતત મથામણ થાય તે રાષ્ટ્રહિતમાં છે. આને ચૂંટણીનાં રાજકારણમાં ભેળવી મુદ્દો બનાવી જનતામાં બેફામપણે થતાં ઉચ્ચારણો આતંકવાદના મૂળને શોધી તેને ઉખાડી ફેંકી દેવાના પ્રયાસોમાં અવરોધરૂપ છે; દેશના રાજકીય પક્ષો અને જનતા સામેનો પડકાર છે તે બાબત રાષ્ટ્રપ્રેમીઓએ સ્વીકારવી આવશ્યક છે.

દેશના પાકટવયના નાગરિક તરીકે ખૂબ જ નમ્રપણે નિખાલસ રીતે મારી માન્યતા રજૂ કરવા મેં કોશિશ કરી છે.

## સાભાર સ્વીકાર

### ૨૦૦૮માં પ્રગટ થયેલી પરિચય પુસ્તિકાઓ

**બાયોટેકનોલોજી** (અજીત વી. પંડ્યા); **સલીમ અલી** (જયા મહેતા); **ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર** (ડૉ. કે.ટી. મહેતા); **નરેન્દ્ર મોદી** (કુન્દન વ્યાસ); **ચપટી મીઠાનો ચમત્કાર** (મોહન દાંડીકર); **સુન્દરમ્** (સુરેશ દલાલ); **દંપતી મૅનોપોઝ** (ડૉ. કલા શાહ); **પૃથ્વી થિયેટર** (મહેશ દવે); **ક્રાંતિકારી મુનિ સંતબાલજી** (ઈન્દુકુમાર જાની); **ગુજરાતી બાળસાહિત્ય** (યશવન્ત મહેતા); **નૌશાદ** (રજની મહેતા); **ડૅન્ટીની કવિતા** (નલિન રાવલ); **જન્મભૂમિ** (જયશ્રી જાની); **બીજિંગ ઓલિમ્પિક** (ગૌતમ દ. ઠાકર); **મનસુખલાલ ઝવેરી** (દીપક મહેતા); **ગ્લોબલ વૉર્મિંગ** (પ્રહ્લાદ છ. પટેલ); **ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ** (જયા મહેતા); **કૃષિપ્રયોગો અને જળવિવેક** (વિદ્યુત જોશી); **પુસ્તકો અને હસ્તપ્રતોની જાળવણીના પ્રશ્નો** (ડૉ. હસિત મહેતા); **ચર્ચાપત્રો** (ડંકેશ ઓઝા); **દુર્ગારામ -ચરિત** (કનુભાઈ જાની); **મીરાંબાઈ** (જ્યોત્સના તન્ના); **વ્યક્તિવિશેષ-૨** (જયા મહેતા); **આપણું શાસ્ત્રીય સંગીત** (હરેશ બક્ષી).

પરિચય ટ્રસ્ટ; મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ, નેતાજી, સુભાષ રોડ, મુંબઈ -૪૦૦૦૦૨

દરેક પુસ્તિકાની છૂટક કિંમત રૂ.૧૦; વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ (દર મહિનાની બે લેખે વર્ષની ૨૪ પુસ્તિકાઓ).

## કચ્છના ઉચ્ચશિક્ષણમાં અંધારપટ / ડૉ. યોગેન્દ્ર પારેખ

કચ્છમાં શ્યામજી કૃષ્ણવર્માના નામે નવી યુનિવર્સિટીને ચાર વર્ષ થયાં છે. કચ્છમાં શિક્ષણને વેગ મળશે-ની આશા ઠગારી નીવડી છે. ગુજરાત નંબર વનની અવિરત રામધૂનમાં શિક્ષણ અગ્રતાક્રમે નહીં, કોઈ પણ ક્રમે નથી. જ્યોતીન્દ્ર દવે જેવા સાક્ષર જે સંસ્થામાં એક જમાનામાં આચાર્ય હતા તે જયંત ખત્રી નગર-માંડવી મુકામે આવેલી કૉલેજના કૉમર્સ વિભાગમાં એક પણ વ્યાખ્યાતા નથી. છેલ્લાં બે વર્ષથી આ સ્થિતિ છે. આર્ટ્સ વિભાગમાં અર્થશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે ભણાવાય છે પણ બે વર્ષ કરતાં વધુ સમયથી વ્યાખ્યાતા નથી, મનોવિજ્ઞાનના અધ્યાપક પણ નથી, સરવાળે સોળ અધ્યાપકોની જગ્યા ખાલી છે. પાંચસો પચીસ વિદ્યાર્થીઓ વચ્ચે બન્ને વિદ્યાશાખામાં થઈ આચાર્ય સહિત કુલ ચાર શિક્ષકો છે. આદિપુર તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સમાં પણ કુલ ૧૯ વ્યાખ્યાતાની ઘટ છે. રોજમદારોની જેમ મુલાકાતી વ્યાખ્યાતાને બોલાવવામાં ટ્રસ્ટ દ્વારા જંગી ખર્ચ થઈ ચૂક્યો છે. હવે સંસ્થાએ વિધિવત્ રીતે “કોઈ વિષયના તાસ ન લેવાય તો સંસ્થાની જવાબદારી નથી. વિદ્યાર્થીઓએ જાતે ભણવાની શરતે પ્રવેશ મેળવવો” એવી જાહેરાત કરી ચાલુ શૈક્ષણિક વર્ષે પ્રવેશ આપ્યો છે. ભુજ કૉમર્સ કૉલેજમાં છ વ્યાખ્યાતાની ઘટ છે. આદિપુર કૉમર્સ કૉલેજમાં છ વ્યાખ્યાતાની જગ્યા ખાલી છે. પશ્ચિમ કચ્છમાં ત્રણ તાલુકા વચ્ચે સરહદી વિસ્તારમાં નખત્રાણા ખાતે એક માત્ર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ ચાલે છે. સરકાર તરફથી અનુદાન મળતું નથી તેથી સસ્તામાં પતાવવા ગમે તેને શૈક્ષણિક કામગીરી સોંપવામાં આવે છે. સરકારે એક તરફ ટ્યૂશનપ્રથા પર પ્રતિબંધ મુકેલ છે તો બીજી તરફ નખત્રાણા ખાતે સંસ્થા દ્વારા ખાનગી ટ્યૂશન ક્લાસીસના એક સંચાલકને બે વર્ષ અંગ્રેજી અને મનોવિજ્ઞાન એમ બન્ને વિષય ભણાવવાની જવાબદારી સોંપવામાં આવેલી. જોવાની વાત તો એ કે ક્લાસીસવાળાએ ભાઈ બંનેમાંથી એક પણ વિષયના વ્યાખ્યાતા તરીકેની યોગ્યતા ધરાવતા ન હતા. તેમણે બે વર્ષ ભણાવ્યું, પેપર્સ કાઢ્યા, તપાસ્યા, યુનિવર્સિટીને આંતરિક ગુણ મોકલ્યા, યુનિવર્સિટીએ આંતરિક ગુણ સ્વીકાર્યા પણ ખરા. એ જ રીતે માંડવીમાં મનોવિજ્ઞાનના એક અધ્યાપક હતા ત્યારે સંસ્કૃત ભણાવતા અને પરીક્ષા પણ લેતા. આ રીતે પરીક્ષા લેવી, ગુણ આપવા અને એ આંતરિક ગુણ યુનિવર્સિટી દ્વારા માર્ક્સશીટ સ્તર સુધી અધિકૃત રીતે સ્વીકૃતિ પામે એ ગેરરીતિ છે એટલી સીધીસાદી સમજ સામે આંખમીંચામણા થાય છે. ભુજ ખાતે આવેલી એક માત્ર લૉ કૉલેજમાં વ્યાખ્યાતા કહો કે આચાર્ય બધું મળીને એકલવીર સમા એક જ જણ છે. વહીવટનું શું? ભણાવવાનું શું? કોણ ભણાવે? કોને ભણાવે? અનુદાનપાત્ર કૉલેજોમાં સ્ટાફની ઘટ હોય; એંસી ટકા સ્ટાફની ઘટ છતાં સંસ્થા અનુદાનપાત્ર ગણાય? સરકારની અક્ષમ્ય-ગુનાહિત બેદરકારી છે.

ઉચ્ચશિક્ષણનું ધંધાદારીકરણ ચરમસીમાએ છે. ભૂકંપ પછી માલદાર ઉદ્યોગોને વિશેષ કર રાહત આપનાર સરકારે ઉચ્ચશિક્ષણમાં સ્વતંત્ર યુનિવર્સિટી આપી પણ એમ.ફિલ. જેવા અભ્યાસક્રમમાં ફીનું ધોરણ સાવ ધંધાદારી છે. આખા ગુજરાતમાં સહુથી મોંઘુ એમ.ફિલ. કચ્છમાં થાય છે; કારણ કે એમ.ફિલ.નો અભ્યાસ સ્વનિર્ભર ધોરણે જ ચલાવવાની સરકાર મંજૂરી આપીને નાણાકીય જવાબદારીમાંથી હાથ ખંખેરી લીધા છે. છેલ્લાં ચાર વર્ષમાં દલા તરવાડી ધોરણે પંદર ઉપરાંત નવી ધંધાદારી કૉલેજો ખૂલી ગઈ છે. અધ્યાપકોનું પગારમાં શોષણ અને વિદ્યાર્થીઓ પાસેથી તગડી ફી વસૂલ કરવામાં આવે છે. એક સંસ્થામાં જ્યાં આચારસંહિતા કે પારદર્શિતા માટે ‘શિક્ષાપત્રી’નો આધાર છે ત્યાં એક જ દિવસે નિમણૂક પામેલાં બે બહેનોને પૂરા પગારનો નિમણૂકપત્ર અપાયા પછી સંસ્થા સફાળી જાગી કે; ‘ફિક્સ પગારનો નિમણૂક પત્ર આપ્યો હોત તો સારુ’ - એમ વિચારી ટ્રસ્ટીની જ્ઞાતિનાં વ્યાખ્યાતા બહેનનો પૂરો પગાર યથાવત્ અમલી રાખ્યો અને જ્ઞાતિ-ગામ જુદાં હતાં એવાં બહેન પાસેથી પૂરા પગારનો નિમણૂકપત્ર પાછો મેળવી લઈ ૭૫૦૦ ફિક્સ પગારનો ઓર્ડર આપ્યો. નિયમ કરતાં વધુ ફી લેતી એક સંસ્થા સામે તપાસની ભૂમિકાએ યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓ-વાલીઓ સાથે કુલપતિની જાહેર બેઠકમાં મારામારી, ધાંધલ-ધમાલનો લાંછનરૂપ કિસ્સો તાજેતરના દિવસોની અતિશય ઘૃણાસ્પદ ઘટના છે.

વિદ્યાર્થીઓ પાસેથી વધુ ફી લેવાતી હોવાના મુદ્દે સક્રિય થવા મથતું યુનિવર્સિટી તંત્ર જ્યાં જ્યાં સ્ટાફનું શોષણ થાય છે એવી સંસ્થાઓમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવાથી ખચકાટ અનુભવે છે. રાજકીય પક્ષના આગેવાનો પોતાની કૉલેજો મન ફાવે તેમ ચલાવવા માટે નિર્વિરોધ આગળ વધી રહ્યા છે; મુક્ત છે. તેમને ખાતરી છે કે તેમનું કોઈ જ કશું જ બગાડી લેવાનું નથી. સરવાળે, અનુદાનપાત્ર કૉલેજોમાં સિત્તેર-એંશી ટકા સ્ટાફની ઘટ, નવી ખૂલેલી સ્વનિર્ભર કૉલેજોમાં ફી નિમિત્તે લૂંટ, સ્ટાફનું શોષણ અને આવા પ્રશ્નોમાં પ્રજાની બેહોશી, લાચારી, તંત્રની કાતિલ સ્વસ્થતા એ કચ્છના ઉચ્ચશિક્ષણની તાસીર છે.

## વાચકો લખે છે

**નિઝામખાન મલેક, કહોડા, તા. ઊંઝા, જિ. મહેસાણા :**

આતંકવાદને નાથવા માટે સરકાર કે સૈન્ય કારગત નહીં નીવડે. એને માટે આ દેશની જનતા જેટલી ઇચ્છાશક્તિ કેળવી એક બનશે એટલું પરિણામ આવશે. અને ત્યારે જ લોકો કોઈ નાકા રહેવા દેશે નહીં. આ દેશમાં પેસતો કે હાલતો ચાલતો આતંકવાદી કોઈની ને કોઈની નજરથી તો નહીં જ બચે અને એ નજર એને ભરડો લેશે એ દિવસે માથે મોત લઈને આવતો આતંકવાદ પણ નેસ્તનાબૂદ થઈ જશે.

પણ એ પહેલાં કોમ કોમ વચ્ચે જે ખાઈ છે એ દૂર કરવી જરૂરી છે. આ દેશમાં સૌ સાથે મળીને જીવે છે. કોઈ પળે એક બીજાની હૂંફ પણ મળે છે. ધાર્મિક અને રાજકીય પક્ષો જ્યાં સુધી પોતાના સ્વાર્થ માટે બહેકાવે નહીં ત્યાં સુધી સૌની સમજ એક જ હોય છે. પણ પછી એ લોકો જે ચાઠા પાડે છે તે જલદી જતાં નથી. અવિશ્વાસ પેદા થતાં એમાંથી અનેક અનર્થ અને આપત્તિઓ જન્મ લે છે. આ મુસલમાન છે એ કદી આ દેશનો હિતેચ્છુ હોઈ જ ન શકે, આ હિન્દુ છે એ કદી મુસલમાનોનું શુભ ન ઇચ્છે આવી વાતોએ આપણને ક્યાં લાવી મૂક્યા છે.

ડૉ. કલામ, અજીમ પ્રેમજી, દિલીપકુમાર, સાનિયા મિર્ઝા, ઇરફાન પઠાણ કે મહંમદ હનીફને આ દેશે જ મોટા કર્યા છે. એ મુસ્લિમો જેટલું સમજે, એટલું જ બીજાઓ એમના પ્રદાનને સમજે અને લેખે લે.

ભાગલા પછી આ દેશમાં જે મુસ્લિમો રહ્યા એમનું આ વતન છે એના પ્રત્યેની એમની ફરજો અને જવાબદારીઓ બીજાઓથી સહેજે ઓછી નથી. તો આપણે સૌ સરખા નાગરિક થઈ આ દેશનું હિત પહેલાં વિચારીએ. ધિક્કાર અને તિરસ્કારને તિલાંજલિ આપી એક બીજા પ્રત્યેની નફરત દૂર કરીએ, રાજકીય પક્ષોના હાથા ન બનતાં રાષ્ટ્રહિત અને માનવતાને પહેલા વિચારીએ. આતંકવાદી કોઈનો ભાઈ નથી, એની ગોળી પર કોઈ સરનામાં નથી. એ ગોળી છૂટી નિર્દોષ અને બેકસૂર લોકો, પછી એ કોઈપણ કોમના હોય, એને નિશાન બનાવે છે. વસ્તીઓ બરબાદ કરે છે. શાંતિ હણી નાંખે છે.

આજે હિન્દુનો ધર્મ કે મુસલમાનનો મઝહબ પણ સાચા માર્ગે જઈ રહ્યા નથી. ધાર્મિક નેતાઓ જે ઝેર ફેલાવે છે એ સમાજમાં નાસૂરનું કામ કરે છે. આપણે એ ચુંગાલમાંથી છૂટી ઇન્સાનિયતના માર્ગે આગળ વધીએ.
એવું થશે તો પરસ્પરનો વિશ્વાસ વધશે. એકતાનાં બીજ રોપાશે, આતંકવાદ પાંગળો પડી જશે અને દેશ પ્રગતિ કરશે.

REGISTERED UNDER RNI NO. GUJGUJ / 11564 PERMITTED TO POST AT AHMEDABAD, PSO ON F/N 1ST & 16TH OF EVERY MONTH under Postal Registration No. GUJ-777 issued by SSP Ahmedabad, valid upto 31-12-2011

## વાચકો લખે છે

**વિપુલ કલ્યાણી, ૪, રોઝક્રોફ્ટ વૉક, વેમ્બલી, મિડલસેક્સ, યુ.કે. :**

''નિરીક્ષક''ના છેલ્લા અંકમાં, રમેશ બી. શાહનો ભારે કામનો પત્ર તમે પ્રગટ કર્યો છે. પત્રલેખકને અને તંત્રીને સહૃદય અભિનંદન. રમેશભાઈએ પત્રના આખરી ફકરામાં સૂચવ્યું છે : ''નિરીક્ષક'' વ્યક્તિલક્ષી ચર્ચાઓ બંધ કરીને સમસ્યાઓ અને તત્સંબંધી ચર્ચાઓ માટે પોતાનાં પાનાં ફાળવાશે. વ્યક્તિઓની ચર્ચા કરવા માટે ગામમાં ચોરા ક્યાં ઓછા છે?

આ સૂચન હેઠળ સ્વસ્થતાએ મારા દસ્તખત પણ ઉમેરું છું. દરમિયાન, ભદ્રા સવાઈ સંપાદિત 'ગાંધીની વીરપસલી' પુસ્તક પરે, ૧૮૪મે પાને, પ્રેમાબહેન કંટકને ઉદ્દેશીને લખાયેલા એક કાગળમાં, મહાત્મા ગાંધીએ લખ્યું છે :

ચિ. પ્રેમા,

... ધ્યેય જાણવું સારું છે. ધ્યેય-પુરુષને પડતો મૂકવો. દુઃખ એ છે કે ધ્યેય-પુરુષ જ તારું ધ્યેય છે. એવું ઘણાને બને છે ને પછી દુઃખી થાય છે. ધ્યેય-પુરુષને જ્યારે ધ્યેય બનાવીએ ત્યારે અર્થ એ થાય છે કે આપણને અનુકૂળ બોલેચાલે ત્યારે ગમે, તેમ ન કરે ત્યારે રિસાઈએ. એથી ધ્યેયને હંમેશાં સ્વતંત્ર રાખવું. એમ ન કરી શકે ત્યાં લગી દુઃખી થવાની, ને તારું કામ પણ રોકાશે. ભણી પણ ગણી નહીં!!! હવે ગણતાં શીખ, ન શીખી હોય તો મારી પાસેથી એટલું શીખી લે. આમાં ધ્યેય ને ધ્યેય-પુરુષનો ઝઘડો જ નથી, કેમ કે ગણવું એટલે વ્યવહારજ્ઞાન મેળવવું, વ્યવહાર પણ સત્ અને અસત્ હોય છે એ ધ્યાનમાં રાખજે... *બાપુના આશીર્વાદ*

વિચારપત્ર ''નિરીક્ષક''ની ચચ્ચાર દાયકાની સોજજી ભૂમિકા છે. અને તેણે ગુજરાતને આ ચાળીસ વર્ષોના ગાળામાં વારેવારે તેમજ અનેક વાર સમથળ માર્ગદર્શન આપ્યું છે. ઉપર્યુક્ત કાગળમાં, ગાંધીજીએ પણ પ્રેમાબહેન વાટે. ધ્યેય અને ધ્યેય-પુરુષની વાત છેડીને ઉચિત માર્ગદર્શન કર્યું છે. આ ગાંધી-સૂચન જેમ પ્રેમાબહેન માટે છે તેમ તે આપણા દરેક માટે ય અગત્યનું ઠરે છે. આપણે ય વ્યક્તિના ચકરાવામાંથી બહાર ઊઠીને વિચારને પકડીએ અને ગુજરાતની વિવેકબૃહસ્પતિ પ્રતિમાને ઉજાગર કરી જાણીએ.

**ગૌરાંગ દિવેટીઆ, નિરંજન શાહ, ધનંજય પંડ્યા, સતીશ શાહ, હરદ્વાર ફ્લેટ્સ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫ :**

'નિરીક્ષક'ના તંત્રીની કેફિયત ('નિ.' જાન્યુ-૧) વાંચી ઊંડો સંતોષ. પણ તેથી પણ વધુ, ઊંડા દુઃખની લાગણી થઈ. એમાં કેવળ પરેશ નાયક જ નહીં, પ્ર.ન.શા.ના અસંખ્ય સહૃદયી મિત્રોની શંકા ને પ્રશ્નોનો જવાબ મળી ગયો. એમની કેફિયતનો એક એક શબ્દ એમના વિરલ ને વિશાળ (ઇન્ક્લુઝિવ) વ્યક્તિત્વને ઉજાગર કરે છે. અનેક જાતના આક્ષેપોને હસતાં હસતાં સ્વીકારીને (બિનકાર્યક્ષમ તંત્રી!) પણ એમણે અસંખ્ય પત્રમિત્રોના ભિન્ન ભિન્ન મતને માટે અદ્વિતીય પ્લેટફૉર્મ પૂરું પાડ્યું છે એનો કયો પત્રલેખક સ્વીકાર નહીં કરે? રમેશ બી. શાહની ટિપ્પણીને અનુમોદીને થોડી સંપાદકીય 'છેકભૂંસ' માટે પણ જેમને 'કાળજું કઠણ' કરવું પડતું હોય, એવા તંત્રી-સંપાદક અમારા-આપણા પત્રલેખકોને બીજે ક્યાં મળવાના? એટલે મિત્રો હવે Ball is in our court !

વ્યાપારીકરણથી ખદબદતા આજના મીડિયા-માહોલમાં એકલદોકલ વ્યક્તિના ગુંગળાતા અવાજો સમાજ સુધી પહોંચાડવામાં 'નિરીક્ષક'નો ફાળો અનન્ય અને અભૂતપૂર્વ છે એ વાતનો દિલચોરી વગર સ્વીકાર કરીએ. 'નિરીક્ષક' એ એક વિચારપત્ર તરીકે અને પ્રકાશભાઈએ એક તંત્રી તરીકે એ દાયિત્વ આગવી રીતે નિભાવ્યું છે એનો ઇનકાર ન જ થઈ શકે.

અને, 'લોલમાં લોલ' મેળવવા ઉત્સુક અને confirmityમાં સુરક્ષિતતા અનુભવવા તત્પર એવા વાતાવરણ અને વ્યક્તિઓ (જેમાંથી વિદ્વાનો અને ખ્યાતનામ બૌદ્ધિકો પણ બાકાત નથી)ના પ્રભાવ હેઠળના સમાજમાં સામે પૂરે તરવાનું સાહસ કરનાર સામયિક અને એના તંત્રીની વિશ્વસનીયતા પર તો શંકા થાય જ કેમ! એમના પર બેવડાં ધોરણોનો ('દિવ્ય ભાસ્કર'ની વ્યાપારી નીતિઓને અનુકૂળ થવાનો) આક્ષેપ થાય ત્યારે અમારા જેવા અનેક પત્રલેખક-વાચક-મિત્રોએ ઊંડું દુઃખ અનુભવ્યું હશે - કદાચ પ્ર.ન.શા. કરતાં પણ વધુ એ નિશ્ચિત છે.

વાત રહી 'નિરીક્ષક' વધુ પડતું ઇન્ક્લુઝિવ હોવાની! આ ચર્ચાની વક્રતા પણ કેવી છે. ન્યાયાધીશ આરોપીના પિંજરામાં છે ને આરોપીઓ ન્યાય કરે છે! વળી તંત્રી-ન્યાયાધીશ આને ખુશીનો સોદો માને છે! કદાચ, આ બધું છે એટલે જ 'નિરીક્ષક' આપણું હોવાનો અહેસાસ થાય છે!

ઉપરોક્ત લાગણીને અનુમોદન આપવામાં-અનુભવવામાં અમે આ સાથે સહી કરનાર મિત્રો ઉપરાંત અનેક સાથી મિત્રો પણ સામેલ હશે એની અમને ખાતરી છે.

**કૃષ્ણકાંત એસ. પંડ્યા, ડી. ૩૬, યુનિ. સ્ટાફ કોલોની, વલ્લભ વિદ્યાનગર-૨૦:**

તા. ૧૯થી તા. ૨૩ ડિસેમ્બર દરમિયાન આણંદમાં 'ગાંધીકથા' યોજાઈ ગઈ. અને નારાયણભાઈ કરતાં વિશેષ અધિકૃત કથાકાર બીજો કોણ હોઈ શકે, ભલા! લાયન્સ ક્લબનો હૉલ ચિક્કાર હતો-ભાવવિભોર શ્રોતાજનોથી. સૌએ 'કથા' માણી એકાગ્ર ચિત્તથી, ભાવ અને ભક્તિથી અને ખુલ્લા દિમાગથી. નારાયણભાઈની પ્રભાવશાળી - રસાળ શૈલીએ મહાત્માજીના જીવનમાં રોમાંચક યાદગાર પ્રસંગોનું શ્રવણ કરવું, એ ખરે જ એક ઉત્તમ લહાવો હતો. ભૂંસાઈ ગયેલો ઇતિહાસ જાણે વર્તમાન રૂપે સાક્ષાત થયો! સ્મરણ થયું... કેવા હતા એ દિગ્ગજો - સ્વાતંત્ર્ય સંગ્રામના. ગંધી - નેહરુ - સરદાર. ગીતાએ પ્રબોધેલા 'અભય'નાં જાણે જીવતાં - જાગતાં ઉદાહરણો. મનુષ્ય સ્વભાવની બે સૌથી મોટી નબળાઈઓ-ધિક્કાર સ્વભાવની અને ભયની લાગણીઓ-ને ગાંધી અને તેમના એ બે અણનમ યોદ્ધાઓ - સાથીઓ કેટલી સહજતાથી અતિક્રમી ગયા હતા - તે ખરે જ અભૂતપૂર્વ બીના છે. જવાહરલાલ નેહરુએ ક્યાંક કહ્યાનું સ્મરણ થાય છે કે પ્રજ્ઞા અને કરુણા માનવીના દિમાગમાં જન્મેલા બે સૌથી સુંદર શબ્દો છે. મને એમ લાગે છે કે એ બે સુંદર - શ્રેષ્ઠ શબ્દોને - પ્રજ્ઞા અને કરુણાને - મનુષ્યદેહ ધારણ કરવાનું મન થયું હશે - અને તે ગાંધીરૂપે અવતર્યા હશે. (ગુરુદેવ ટાગોરના એક કથનને યાદ કરીને આવું લખવાનું સૂઝ્યું છે.) આવી અનુભૂતિ અને ભાવ સાથે આ પત્ર લખનારને આદરણિય મુ.શ્રી નારાયણભાઈ સાથે એક સવારે વીસેક મિનિટ ગાળવાની જે તક મળી તે મારા માટે એક આજીવન મીઠું સંભારણું બની રહેશે.

**નિરીક્ષક પ્રકાશન વતી મુદ્રક અને પ્રકાશક :** પ્રકાશ ન. શાહ, 'પ્રકાશ', નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન : ૨૬૫૬૨૮૦૬ GUJ 777
**મુદ્રણસ્થાન - કોમ્પ્યૂટર કંપોઝ :** 'શાર્દુલ પ્રિન્ટીંગ પ્રેસ' રંભા કોમ્પ્લેક્સ, ગુજરાત વિદ્યાપીઠની સામે,આશ્રમ રોડ, અમદાવાદ-૧૪. ફોન : ૩૦૦૦૧૩૦૬